**દલિત અધિકાર એ જ માનવ અધિકાર**

# દલિત અધિકાર (પાક્ષિક)

તંત્રી : પ્રકાશકુમાર આર. મહેરિયા ● R.N.I. No. : GUJGUJ/2005/17601 ● Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019

વર્ષ : ૧૩ અંક : ૦૫-૦૬ સળંગ અંક : ૨૯૩-૨૯૪ પ્રકાશન : તા. ૦૧-૧૦-૧૭, ૧૬-૧૦-૧૭ પોસ્ટીંગ : તા. ૦૫-૧૦-૧૭ પાનાં : ૧૬ વાર્ષિક લવાજમ રૂ. ૭૫/- છૂટક રૂ. ૬/- 

## દલપત ચૌહાણ

# દલિત સાહિત્યનો જોરાવર જોદ્ધો અને કલાધર કસબી



**પરિચય**

**સાહિલ પરમાર**

પાંત્રીસેક વર્ષ પહેલાંની,લગભગ ૧૯૮૧-૮૨ ની એક સાંજ યાદ આવે છે. 'બુધસભા'માં કવિઓ મળે છે અને કવિતાઓની ચર્ચા થાય છે, એવું જાણીને હું ૨૯ જાન્યુઆરી,૧૯૮૧ ના દિવસે લખાયેલી એક કવિતા લઈને પહોંચી ગયેલો. વ્યાસપીઠ પર ધીરુભાઇ પરીખ અને પિનાકિન ઠાકોર હતા. એક પછી એક કવિ કવિતા વાંચે અને તેના પર ચર્ચા થાય. મારો નંબર આવતાં મેં શરુઆત કરી :

કવિતાનું શીર્ષક : જિંદગીનો અર્થ

સતત લપક્યે જતી/ સર્પની જિવ્હા થઈ/ શોધ્યા કરું છું /અર્થ જિંદગીનો.......પહેલી જ પંક્તિ વંચાઈ અને ધીરુભાઇ તૂટી પડ્યા .'સાપ તો વાસનાનું પ્રતીક છે. સાવ ચીલાચાલુ પ્રતીક વાપર્યું છે.' અને ચશ્માધારી તેજસ્વી એક માણસ ઊભો થયો અને એણે પ્રતિવાદ કર્યો : 'તમે સાપને જીભ લપક લપક કરતાં કરતાં ચાલતો જોયો છે? એની જીભ જાણે સતત કશુંક શોધી રહી હોય એમ લાગતું હોય છે. સાપની નહીં,સાપની સતત લપકતી જીભ દ્વારા શોધના સાતત્યની વાત છે આમાં.સાપની જીભ શોધના સાતત્યની પ્રતીક છે.'

ધીરુભાઇ ન માન્યા અને જેના વિશે 'કોઇ જોરાવર જણ' લાગે છે એવો મારા મનમાં અભિપ્રાય બંધાયેલો તે વ્યક્તિ તે દલપત ચૌહાણ. 'કાળો સૂરજ'ના સાતમા અંકમાં એમણે મારી એ કવિતા છાપી અને ત્યારથી મારો દલિત કવિ સાહિલ પરમાર તરીકેનો નવો જન્મ થયો. 'કાળો સૂરજ' તેઓ ગાંઠના પૈસે કાઢતા અને મારા જેવા અનેક કવિઓને તેમણે કવિતાની ભૂમિ પૂરી પાડેલી. દલપતભાઈ સાથેની મારી એ પહેલી મુલાકાત. ધુરંધરો સામે માથાં પછાડનાર જોરુકા જણ તરીકેની. એમણે ધીરુભાઇ પરીખ હોય કે પિનાકીન ઠાકોર, રઘુવીર ચૌધરી હોય કે હરિકૃષ્ણ પાઠક, ઉમાશંકર જોશી હોય કે ચંદ્રકાંત ટોપીવાળા......કેટલાયની સામે માથાં પછાડ્યાં છે. કોરા કવિ તરીકે નહીં,પણ કર્મશીલ કવિ તરીકે ખડે પગે કામ કર્યું છે. દલિત સાહિત્યના આજે થયેલા વ્યાપક સ્વીકારમાં એમનાં દિમાગ, જીભ,કલમ અને કર્મશીલતાનો બહુ મોટો ફાળો છે. આજે જેમને તૈયાર મેદાન મળી ગયું છે તેવી પછીની પેઢીને કદાચ એનો ક્યાસ પણ ન હોય એમ બને. દલિત કવિઓની પહેલી પેઢી જે રીતે પડકારોનો સામનો કરીને, સામા પ્રવાહે તરીને સ્વીકૃતિ સુધી પહોંચી છે એનો આજની પેઢીને અંદાજ પણ નથી.

૧૯૮૫-૮૬ માં એલ.જી.હૉસ્પિટલ,મણીનગરમાં એક ડૉક્ટરે દેવીપૂજક જ્ઞાતિના નર્સ પર બળાત્કાર કર્યાની ઘટના બનેલી,તેના વિરોધમાં દલુભાઇ,રાજુ સોલંકી અને હું ડબલું,કલર,કુચડો લઇને એલ.જી.ની દીવાલો પર સૂત્રો લખતા હતા ત્યારે પાનના એક ગલ્લાવાળાએ અમને બોલાવીને તતડાવ્યા કે મને પૂછ્યા વગર અને મારી મરજી વગર અહીં કોઇ કશું લખી શકતું નથી. તમે કોને પૂછીને આ લખો છો? રાજુ અને હું તો ગભરાઇ ગયા હતા,પણ દલુભાઇએ પેલાને કહ્યું :'જો દોસ્ત,હાલ અમને અમારું કામ કરી લેવા દે,પછી અમે તને મળીએ છીએ.' અમને કહ્યું : 'ચલો કામ ચાલુ રાખો'. બધી બાજુની દીવાલો પર સૂત્રો લખી રહ્યા પછી અમે પેલા ગલ્લાવાળાને મળવા ગયા. દલુભાઇ એ કહ્યું:'અમને જી.કે.પરમારે મોકલ્યા છે.બોલ, તારે શું કરવું છે?' પેલો તો ઠંડો જ પડી ગયો. અમારા માટે ચા મંગાવી. એનાં ચા-પાણી પીને રાત્રે દોઢ-પોણા બે વાગે અમે છૂટા પડ્યા. ભારતીય સામ્યવાદી પક્ષ (માર્ક્સવાદી)-સી.પી.આઇ.એમ.ના જી.કે.પરમારનો એટલો તાપ હતો ત્યારે. દલુભાઈએ જો એ વખતે હિંમતથી અને સલુકાઈથી કામ લીધું ન હોત,તો અમને મેથીપાક નક્કી હતો.

તા : ૧૦/૪/૧૯૪૦ ના રોજ જન્મેલા,, ૭૮ મા વર્ષે પણ સતત સર્જનશીલતા ધરાવતા અને આધુનિક દલિત કવિઓમાં આસધ્ય અને ૧૭ પુસ્તકો તેમ જ ૯ સ્વતંત્ર સંપાદનો જેમના નામે બોલે છે તેવા દલપત ચૌહાણ કેવા કલાધર છે તેની પ્રતીતિ તેમને મળેલા નીચેના એવોર્ડ/સન્માન/ પારિતોષિકો પરથી આપને ચોક્કસ થશે

૧. ઈસ્ક્સ એવોર્ડ (૧૯૮૩, કવિતા માટે)

૨. અખિલ ભારતીય રેડિયો નાટ્ય લેખન પ્રતિયોગિતા પુરસ્કાર (૧૯૮૭, 'પાટણને ગોંદરે' માટે)

૩. અખિલ ભારતીય રેડિયો નાટ્ય લેખન પ્રતિયોગિતા પુરસ્કાર (૧૯૮૯-૯૦, 'અનાર્યાવર્ત' માટે)

૪ ગુજરાત સાહિત્ય અકાદમી શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક(દ્વિતિય), 'અનાર્યાવર્ત' નાટ્ય સંગ્રહ માટે

૫. બટુભાઇ ઉમરવાડિયા પારિતોષિક ૧૯૯૮-૯૯(પ્રથમ)-સાહિત્ય પરિષદ,અમદાવાદ, 'દીવાલો' એકાંકી માટે

૬. શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક(પ્રથમ) ૨૦૦૩,ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, હરીફાઈ એકાંકી સંગ્રહ માટે

૭. સંતોકબા સુવર્ણ ચંદ્રક,૨૦૦૦. 'ગીધ' નવલકથા માટે.

૮. દાસી જીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્ય કૃતિ ૨૦૦૫-૦૬, ગુજરાત સરકાર, 'ભળભાંખળું' નવલકથા માટે

૯. પ્રિયકાંત પરીખ નવલકથા પારિતોષિક, ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ,'ભળભાંખળું' માટે

૧૦. દોલત ભટ્ટ પારિતોષિક,૨૦૦૪. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ. 'ભળભાંખળું' માટે.

૧૧. શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક(પ્રથમ) ૨૦૦૪. ગુજરાત સાહિત્ય અકાદમી,ગાંધીનગર. 'ભળભાંખળું' માટે

૧૨. શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક(દ્વિતીય),૨૦૦૦. ગુજરાત સાહિત્ય અકાદમી. 'ક્યાં છે સૂરજ' કાવ્ય સંગ્રહ માટે

૧૩. તાદર્થ્ય વાર્તા પુરસ્કાર(પ્રથમ) ૧૯૯૫.'બાનું મૃત્યુ' માટે.

૧૪. જલારામ વાર્તા પુરસ્કાર(દ્વિતીય),૨૦૦૮.'ભેલાણ' માટે.

૧૫. કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્ય પુરસ્કાર,૨૦૦૧-૦૨.દલિતસાહિત્ય સર્જન અને સેવા માટે. (રૂ.૫૦,૦૦૦ પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર)

૧૬. ઈબ્રાહીમ મોહમ્મદ સરવૈયા એવોર્ડ,૨૦૦૯.શ્રેષ્ઠ દલિત સાહિત્યકાર. ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ.

૧૭. ધૂમકેતુ વાર્તા પુરસ્કાર,૨૦૦૯. ધૂમકેતુ પરિવાર, અમદાવાદ.

૧૮.ગુજરાત સમાચાર દૈનિક વાર્તા હરીફાઈ, આશ્વાસન ઈનામ,'દરબાર' માટે

બે સ્વતંત્ર સંપાદન ઉપરાંત 'આક્રોશ' (દલિત કવિતા ઋતુપત્ર-એપ્રિલ ૧૯૭૮),'કાળો સૂરજ' (દલિત પ્રતિબદ્ધ કવિતા-ડિસેમ્બર ૧૯૭૯ થી ૧૯૮૫),'સર્વનામ' (વાર્ષિકી ૧૯૮૯, ૧૯૯૦ ૧૯૯૧), 'શબ્દે બાંધ્યો સૂરજ' (સંપાદન), 'સાગમટે' (સમાજમિત્ર-માસિકનું દલિત સાહિત્ય સમગ્રનું સંપાદન), 'સ્વકીય' (સંપાદન, સમગ્ર દલિત સાહિત્ય)ના અન્ય સાથે સંપાદનો કરેલાં છે. 'મલક', 'ગીધ' 'રાશવા સૂરજ' નવલકથાઓ ગુજરાતની યુનિવર્સિટીઓમાં એમ.એ.ના, 'હરીફાઈ' નાટક સંગ્રહ બી.એ, એમ.એ.માં પાઠ્યક્રમમાં અને 'દલિત સાહિત્યના ઈતિહાસની કેડીએ' રેફરન્સ બુક તરીકે ભણાવાય છે. તેમના સાહિત્ય પર દશેક વિદ્યાર્થીઓ જુદી જુદી યુનિવર્સિટીમાંથી એમ.ફિલ. થયા છે. 'દલપત ચૌહાણ : વ્યક્તિત્વ અને વાઙ્મય' વિષય સાથે ડૉ.રમેશ સોનારાએ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની ડિગ્રી ૨૦૧૫ માં મેળવી છે. અન્ય ત્રણ વિદ્યાર્થીઓ પણ તેમના સાહિત્ય પર પીએચ.ડી.ની ડિગ્રી માટે તૈયારી કરી રહ્યા છે.

૧૯૬૪ માં અર્થશાસ્ત્ર સાથે બી.એ.કરનાર, ડાયરેક્ટરેટ ઑફ એકાઉન્ટ્સ અને ટ્રેઝરીમાંથી સેવા નિવૃત્ત થનારા દલપત ચૌહાણ ખાતાના કર્મચારી મંડળમાં પણ સક્રિય હતા. શરુઆતમાં (૧૯૭૭-૭૮) તેઓ 'ધી લાલ દરવાજા પોએટ્સ વર્કશોપ' ચલાવતા હતા .'આક્રોશ' ની કવિતાઓ અને 'કાળો સૂરજ'ના શરુઆતના અંકોની કવિતાઓ તેનો પરિપાક છે. ૧૯૮૩માં 'દલિત સાહિત્ય સંઘ'ની સ્થાપના અને તે પછી એની કામગીરી અને એના કાર્યક્રમોમાં પણ સક્રિય હતા. તેઓ ઘણો લાંબો સમય 'દલિત સાહિત્ય અકાદમી', અમદાવાદ સાથે જોડાયેલા હતા. હાલ 'દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન' સાથે જોડાયેલા છે. આજે પણ એ જ જુસ્સા,ઝનૂન અને જીદથી તેઓ દલિત સાહિત્ય લેખનમાં પ્રવૃત્ત છે.તેઓ જાણે દલિત સાહિત્ય માટે જ જન્મ્યા,જીવ્યા અને જીવે છે.

તેમણે લગભગ દરેક સાહિત્ય સ્વરુપમાં ઉમદા કામ કરેલું છે.

તેમની કવિતા વિશે પ્રો.મોહમ્મદ ઈસ્હાક શેખ, ડૉ.જયંત પાઠક, યોસેફ મેકવાન, દિનેશ દેસાઇ, રમેશ પારેખ,'કવિલોક'ના તત્કાલીન તંત્રી, પ્રો.આલોક ગુપ્તા, પ્રવીણ ગઢવી, હસિત બૂચ, ભી.ન.વણકર, પ્રો.યશવંત વાઘેલા, ડૉ.ભારતી ભટ્ટ અને ડૉ.પથિક પરમારે ઉમળકાભેર લખ્યું છે.


તેમની વાર્તાઓને પ્રો.ભરત મહેતા, અરવિંદ વેગડા, હરીશ મંગલમ, ડૉ.પ્રવીણ એસ.વાઘેલા, પૂનમચંદ્ર પરમાર, રવીન્દ્ર ઠાકોર, બાબુ દાવલપુરા, મનોજ માલ્યાવંશી, ડૉ.મોહન પરમાર, નટવર હેડાઉ, રમણ વાઘેલા, શરીફાબેન વીજળીવાળા, સુમન શાહ અને ચંદ્રકાંત શેઠે આનંદથી આવકારી છે.

તેમની નવલકથાઓને ડૉ.રઘુવીર ચૌધરી, દેવહુમા, ચંદ્રકાંત શાહ, યશવંત વાઘેલા, પારુલ કંદર્પ દેસાઇ, ડૉ.રતિલાલ રોહિત, પ્રવીણ ગઢવી, ભી.ન.વણકર, અભિષેક દરજી, ડૉ.મોહન પરમાર,શ્રી.જયંત ગાડીત, પ્રો.ભરત મહેતા, રમેશ ર.દવે, નરેશ શુક્લ, ડૉ.કેશુભાઇ પટેલ, પ્રો.વિધુત જોશી, હરીશ મંગલમ, ડૉ.દિનુ ભદ્રેસરિયા, ધર્મેશ આર.પટેલ, નટવર હેડાઉ, પ્રો.ગુણવંત વ્યાસ, પ્રો.હર્ષદ પરમાર, બાબુ દાવલપુરા, વર્ષાબેન એલ. પ્રજાપતિએ તહેદિલથી બિરદાવી છે.

તેમનાં નાટકો પણ ડૉ.સતીશ વ્યાસ, ડૉ.નરેશ શુક્લ, ડો.પ્રભુદાસ પટેલ, ડૉ. ભાવિકા પારેખ, ડૉ. પરમ પાઠક દ્વારા પરિતોષપૂર્વક પોંખાયાં છે. તેમનાં પ્રકીર્ણ અન્ય પુસ્તકોનું પણ ડૉ.કાંતિ માલસતર, ઉર્વીશ કોઠારી, ડૉ.ભાનુપ્રસાદ પંડ્યા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું છે. ખરેખર તો આ બહુમુખી પ્રતિભાનો ૭૫ મે વર્ષે અમૃત મહોત્સવ ઉજવાવો જોઈતો હતો,પણ દલિત સમાજને હજી એના સાહિત્યકારોની કદર ક્યાં છે ?


# દિલના દરવાજે દસ્તક

(ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં આત્મકથનાત્મક લખાણો)



: અનુવાદ :
ઉર્વીશ કોઠારી, ચંદુ મહેરિયા,
: પ્રકાશક :
દલિત અધિકાર પ્રકાશન,
બી-૫૮, ન્યૂ હીરાબાગ સોસાયટી,
ગુરુકૃપા સ્કૂલ પાસે, સી.ટી.એમ.,
અમદાવાદ-૩૮૦૦૨૬.
કિંમત : રૂપિયા ૩૦/-
મો. નં. ૯૮૨૪૬ ૮૦૪૧૦

નવી આવૃત્તિ પ્રગટ થઈ ગઈ છે.
૨૫ કે તેથી વધુ નકલો રૂબરૂમાં અડધી કિંમતે માત્ર રૂ. ૧૫/-માં મળશે

# ‘શબ્દભેદ’ : એક વિહંગાવલોકન

**અવલોકન**

**રમણ વાઘેલા**

ગુજરાતના સીમાડા બહાર દલિત સાહિત્યના વિચારવિમર્શમાં આપણા લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર દલપત ચૌહાણની ગણના-વિવેચના અવશ્ય જોવા-સાંભળવા મળે છે. વાર્તા-કવિતા-નવલકથા-નાટક-નિબંધ અને વિવેચન એ સઘળી વિદ્યાઓમાં કલમ ચલાવનાર દલપત ચૌહાણ એપ્રિલ-૨૦૧૭માં ૭૮મા વર્ષમાં પ્રવેશી ચૂક્યા છે અને તોયે નિરાંતને બાજુ પર મૂકી સતત સાહિત્યસાધના કરતા રહ્યા છે, કર્મશીલ તરીકે પણ એટલી જ ચિંતા-ફિકરથી દલિતોના પ્રશ્ને જાગૃત છે. આમેય દલપત ચૌહાણ વંચાતા-વિચારાતા-ચર્ચાતા-ખડકાતા એવા પ્રતિબદ્ધ દલિત સાહિત્યકાર છે. સાહિત્ય વિષયક પરિસંવાદ, કાર્યશાળા, કવિસંમેલન, પુસ્તક વિમોચન નિમિત્તે સાહિત્યકારો સાથેના સંવાદ-વિસંવાદમાં દલપત ચૌહાણ જોસ્સાભેર દલિત સાહિત્યની જિકર કરતા હોય છે અને એજ એમની આગવી ઓળખ છે.

‘આક્રોશ’ અને ‘કાળો સૂરજ’ આ બંને પ્રતિષ્ઠિત દલિત સામયિકોના તેઓ અન્ય કવિમિત્રો નીરવ પટેલ અને પ્રવીણ ગઢવી સાથે સહસંપાદક હતા. કહી શકાય કે દલિત કવિતાના પગરણ ગુજરાતમાં આ સામયિકોના પ્રકાશનથી થયા. આ સામયિકોમાં દલિત કવિતા ઉપરાંત શેરીનાટક, લેખ અને એકાંકી નાટકો પ્રગટ થતા હતા. કવિ તરીકે દલપત ચૌહાણ પાસેથી ‘તો પછી’ (૧૯૮૨) અને ‘ક્યાં છે સૂરજ?’ (૨૦૦૦) એમ બે કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. વાર્તાકાર તરીકે દલપત પાસેથી ‘મૂંઝારો’, ‘ડર’ અને ‘ભેલાણ’ એમ ત્રણ વાર્તાસંગ્રહો પ્રાપ્ત થયેલ છે. તો વળી ‘મલક’, ‘ગીધ’, ‘ભળભાંખળું’ અને ‘રાશવા સૂરજ’ એમ ચાર નવલકથાઓ મળે છે. કવિતા-વાર્તા અને નવલકથા વગેરે સર્વાંશે, દલિત કેન્દ્રિત રહેલ છે.

‘પદચિહ્ન’, ‘સમર્થન’ ‘ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ’ અને ‘શબ્દભેદ’ એ ચાર લેખસંગ્રહોમાં સમયાંતરે પ્રગટ થયેલ દલિત વાર્તા-કવિતા-નવલકથા અને દલિત સાહિત્યનું વિશ્લેષણ કરતા વિવેચનાત્મક લેખો છે.

૨૦૧૫માં પ્રગટ થયેલ વિવેચનલેખોના સંગ્રહ ‘શબ્દભેદ’ના અઢાર અભ્યાસલેખોમાં કેટલાક સ્વતંત્ર લેખો છે તો કેટલાક પુસ્તકોના પરિચય લેખો છે. પહેલા લેખમાં ભારતીય ભાષાઓમાં દલિત સાહિત્યના થયેલ ખેડાણની સંક્ષિપ્તમાં વાત કરી છે. આ લેખની વિશિષ્ટતા એ છે કે લેખકે ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઈતિહાસને એક સવર્ણ (અદલિત) અછૂતની કથા તરીકે મૂલવી ગાંધી સાહિત્યના યુગની વાત કરી છે. તો આંબેડકરના પ્રભાવ હેઠળ રચાયેલ સાહિત્યને ‘દલિત સાહિત્ય’ તરીકે ઓળખાવ્યું છે. સાહિત્ય જગતમાં આવતાં-જતાં નવીન પ્રવાહોમાં નારીવાદી સાહિત્ય, ગ્રામચેતનાનું સાહિત્ય, વિદ્રોહી સાહિત્ય એક તરફ છે તો દલિત સમાજનો ચિતાર આપતા સાહિત્યને દલિત સાહિત્ય તરીકે ઓળખાવ્યું છે. દલિત સાહિત્યે વણખેડાયેલ સાહિત્યભૂમિને ખેડી છે, બીજ વાવ્યાં છે, છોડ થયા છે ને તેને ફળ આવ્યા છે. લેખક એવું મંતવ્ય પણ દર્શાવે છે કે અધૂરપને પૂરી કરવાનો પ્રયત્ન થયો હોવા છતાં કેટલુંક છૂટી ગયું છે એમ કહેવામાં તેઓ છોછ અનુભવતા નથી.

ગુજરાતી દલિત સાહિત્યનો ઈતિહાસ કેટલાક અભ્યાસીઓ દ્વારા લખાયો છે એ વાત કબૂલ પણ ભારતની અન્ય ભાષાઓમાં દલિત સાહિત્યનું કેવુંક ખેડાણ થયું છે એ હેતુને ધ્યાનમાં લઈ લેખકે મરાઠી, હિન્દી દલિત સાહિત્ય, પંજાબી, તેલુગુ, મલયાલમ અને કન્નડ દલિત સાહિત્યની ટૂંકાણમાં ચર્ચા કરી આલેખ આપવાનો પ્રયાસ કર્યો છે.

લેખક નોંધે છે, “મરાઠી દલિત સાહિત્યમાં જેટલું કામ થયું છે તેટલું કામ અન્ય ભાષાઓમાં થયું નથી. શરણકુમાર લિંબાળેએ ‘દલિત સાહિત્યનું સૌંદર્યશાસ્ત્ર’ નામનો ગ્રંથ આપ્યો, ઉપરાંત ઘણા બધા વિવેચનગ્રંથોનું પ્રકાશન થયું છે.” મરાઠી દલિત વાર્તાઓ અસ્પૃશ્યતા, સામાજિક ભેદભાવ, આર્થિક વિષમતા, ધાર્મિક અવહેલનાનું ચિત્રણ કરતી નથી. પરંતુ સાથે સાથે દલિતોમાં આંતરિક ભેદભાવ, અસ્પૃશ્યતાની ભાવના, ઓરમાયાપણું, અંધશ્રદ્ધા, નસીબવાદ ઉજાગર કરી તેનો નિષેધ કરાયો છે.

લેખકે બાબાસાહેબના જીવન પર આધારિત કેટલીક મરાઠી દલિત નવલકથાઓનો અહીં ઉલ્લેખ કર્યો છે, તો ‘યુગપ્રવર્તક’ (હરિભાઈ પવારે), ‘મુક્તિસંગ્રામ’ (હિ.ગ. બનસોડે), ‘વર્ગસમ્રાટ’ (બંધુ માધવ), ‘યુગવિધાન’ (વા.સ. હોટે)ને નોંધપાત્ર ગણાવી છે. ખાસ કરીને ‘દલિત સાહિત્યના પુરુષ લેખકો દ્વારા લખાયેલ ‘અક્કરમાશી’ (શણરકુમાર લિમ્બાળે), ‘બલુંત’ (દયા પવાર), ‘તરાલ અંતરાલ’ (શંકરરાવ ખરાત), ‘આઠવણી ચે પક્ષી’ (પ્રા.ઈ. સોનકાંબલે), ‘છોરા કોલ્હાટીકા’ (કિશોર શાંતાભાઈ કાળે), ‘રામનગરી’ (રામ નગરકર), ‘રમાકાંતની સ્મૃતિઓ’ (રમાકાંત જાદવ), ‘મુકામ પોસ્ટ દેવાચે ગોઠણે’ (માધવ કોંડવિલકર) વગેરે આત્મકથાઓ પુરુષ લેખકો દ્વારા લખાયાની નોંધ કરી છે. સાથોસાથ લેખકે સ્ત્રી લેખિકાઓ દ્વારા લખાયેલ આત્મકથાની વિગતો પણ અહીં નોંધી છે. ‘બંદ કિવાડાત’ (મુક્તા સર્વગૌડ), ‘અંતઃસ્ફોટ’ (કુમુદ પાવડે), ‘રાતદિન આમ્હા’ (શાંતાબાઈ દાણી), ‘હૈ મનોહર ફિરભી’ (સુનીતા દેશપાંડે), ‘બંધ

**દલપત ચૌહાણનું સર્જનવિશ્વ**

(૧) તો પછી (કાવ્યસંગ્રહ) ૧૯૮૩
(૨) મલક (નવલકથા) ૧૯૯૧
(૩) ગીધ (નવલકથા) ૨૦૦૦
(૪) ભળભાંખળું (નવલકથા) ૨૦૦૪
(૫) ક્યાં છે સૂરજ (કાવ્યસંગ્રહ) ૨૦૦૦
(૬) મૂંઝારો (વાર્તાસંગ્રહ) ૨૦૦૧
(૭) ડર (વાર્તાસંગ્રહ) ૨૦૦૯
(૮) ગુજરાતી દલિત ટૂંકી વાર્તાઓ (સંપાદન) ૨૦૦૯
(૯) અનાર્યાવર્ત (નાટકસંગ્રહ) ૨૦૦૨
(૧૦) હરીફાઈ (એકાંકી સંગ્રહ) ૨૦૦૩
(૧૧) પદ્‌ચિહ્‌ન (લેખસંગ્રહ) ૨૦૦૪
(૧૨) વણબોટી વાર્તાઓ (સંપાદન) ૨૦૦૧
(૧૩) દુંદુભિ (કવિતાસંપાદન) ૨૦૦૧
(૧૪) સમર્થન (લેખસંગ્રહ) ૨૦૦૯
(૧૫) તળની બોલી (શબ્દકોશ) ૨૦૦૯
(૧૬) ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ (ઈતિહાસ)
(૧૭) ૨૦ જેટલા પ્રવાસ/સ્મરણ નિબંધ
(૧૮) રાશવા સૂરજ (નવલકથા) ૨૦૧૨
(૧૯) ભેલાણ (વાર્તાસંગ્રહ) ૨૦૧૩
(૨૦) શબ્દે બાંધ્યો સૂરજ (સંપાદન) ૨૦૧૧
(૨૧) શબ્દભેદ (લેખસંગ્રહ) ૨૦૧૫

અનુબંધ' (કમલ પાધ્યે), 'સ્નેહાંકિતા' (સ્નેહા પ્રધાન), 'મેરે જીવનકી ચિતર કથા' (શાંતાબાઈ કાંબલે), 'માંગના ઔર મંગની' (જનાબાઈ ગિરહે), 'યશ અપના હી હૈ' (સાવિત્રીબાઈ ફૂલે), 'ત્રણ ધ્વસ વ્હાયત આહે' (મલ્લિકા અમરશેખ) વગેરે આત્મકથાઓ ખૂબ ચર્ચામાં રહી. દયા પવારથી શરૂ કરી ભીમસેન દેઠે સુધીના કવિઓની કાવ્યસૃષ્ટિનો પણ અહીં ઉલ્લેખ થયો છે.

"હિન્દી દલિત સાહિત્યની વાત છેક સંત કબીર, રૈદાસ અને દાદુ દયાળની વાણી સુધી પહોંચે છે. તેમ છતાં દલિતનું નામ લઈને સૌપ્રથમ કવિતા 'સરસ્વતી' માસિક (૧૯૧૪)માં 'અછૂતકી શિકાયત' (હિરા ડોમ) દ્વારા રજૂઆત પામી છે. તેને દલિત કવિતાના પગરણ ગણી શકાય." આ ભૂમિકા સાથે લેખકે હિન્દી દલિત સાહિત્યમાં સર્જકોએ કરેલ પ્રદાનની વિગતો મૂકી, કંવલ ભારતી, ઓમપ્રકાશ વાલ્મિકી, ડૉ. પુરુષોત્તમ સત્યપ્રેમી, રમણિકા ગુપ્તા, ડૉ. દયાનંદ બટોહી, ડૉ. એન.સિંહ, સોહનલાલ સુમનાક્ષર, શ્યોરાજસિંહ બેચેનની વાર્તા-કવિતાની નોંધ લીધી છે. આ જ પ્રકારે લેખકે પંજાબી, તેલુગુ, મલયાલમ તથા કન્નડ દલિત સાહિત્યના સર્જનનો આલેખ આપ્યો છે.

બીજા લેખમાં લેખક દલિત સાહિત્યના સૌંદર્યશાસ્ત્રની રચના સંબંધે વિચારો રજૂ કરતાં જણાવે છે કે, 'મરાઠી-હિન્દી દલિત સાહિત્યમાં સૌંદર્યશાસ્ત્રની રચના થઈ. મરાઠીમાં શરણકુમાર લિંબાળે દ્વારા અને હિન્દીમાં ઓમપ્રકાશ વાલ્મિકી દ્વારા. ગુજરાતી સાહિત્યમાં દલિત સાહિત્યનું સૌંદર્યશાસ્ત્ર રચાયું નથી. ગંભીરતાથી પ્રયત્ન કરવામાં આવ્યા નથી. એક વાત આપણે સ્વીકારવી જ પડે કે મરાઠી કે હિન્દી દલિત સાહિત્યમાં જેઓ દલિત સાહિત્ય લખતા થયા અથવા તો નવયુવાન દલિત સાહિત્યકારો આવ્યા તેમણે દલિત સાહિત્યને જ પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. અદલિત સાહિત્ય તરફ જવાનો પ્રયત્ન છોડી દીધો. જ્યારે ગુજરાતી દલિત સાહિત્યમાં તદ્દન વિપરીત પરિસ્થિતિ સામે આવી. જૂની પેઢીના જે દલિત સાહિત્યકારો છે તેઓ દૂધમાં અને દહીંમાં પગ રાખે છે. એટલે કે તેમને દલિત સાહિત્ય પ્રત્યે પૂર્ણ પ્રતિબદ્ધતા નથી. ઉપરાંત કેટલાક દલિત સાહિત્યકારો એવા છે, જેમની પ્રતિબદ્ધતા જણાતી નથી છતાં પોકારી પોકારીને પોતાનો દાવો રજૂ કરતા રહ્યા છે.'

પાછલી જિંદગીમાં કવિતા રચવા પ્રવૃત્ત થયેલા કવિ પૂનમચંદ્ર પરમારના કાવ્યસંગ્રહ 'સમણાંને સથવારે'ને આવકારી લેખકે કેટલીક કવિતાના ઉત્તમ અંશોને ટાંકી રસદર્શન કરાવ્યું છે. લેખકે આ કવિની નોંધ લેતાં એમ પણ જણાવ્યું છે કે, 'નીજ આપદા-વિપદા કવિ ભૂલી શકે નહીં. એ પણ સત્ય છે કે વેદનાઓની શબ્દદેહે નીપજ કાંઈ રાતોરાત ઉપજતી નથી. વર્ષોના વર્ષ સુધી મનમાં ચાલતી ઉથલ-પાથલ, ગડભાંજ, જિંદગીના નિરાંતના ગાળે કાગળ ઉપર ઊતરી આવે છે. કવિતા થઈ સર્જન પામે છે.'

જાણીતા કવિ મધુકાન્ત કલ્પિતના કાવ્યસંગ્રહ 'તરજુમો'ની વિવેચના કરતાં લેખકે કવિતામાં વ્યક્ત થતાં લય, મમળાટ અને સંવેદનાસભરતાભરી લક્ષણાને વિશેષ કહી બતાવી, 'કવિ તો કવિતાના રંગનો મોર છે. તેના પીંછામાં દલિત વેદનાના રંગ અછાના ન રહી શકે. એ નાચે તો તાલ ન ચૂકે... બધું શાસ્ત્રીય ન હોય, લોકતાલ ન તૂટે. એકદમ ગળે ઊતરી જાય તેવી સાવ સાદાઈના રંગે ભીની થયેલી તાર્કિતતા' વિધાન કરી કવિતાને પોંખી છે.

'કામાખ્યાદેવી' કાવ્યસંગ્રહના કવિ ચંદ્રકાન્ત ટોપીવાળાને ગુજરાતી ભાષાના સ્વસ્થ, પ્રયોગશીલ અને વિદ્વાન કવિ તરીકે ઓળખ આપી, લેખક જણાવે છે કે, 'સામાજિક (માનવસબંધે) પ્રતિબદ્ધતા, સાંસ્કૃતિક પરિસ્થિતિઓનો સાંપ્રત સમન્વય અને સાહિત્યમાં કલાના આગ્રહી, તટસ્થતાપક્ષે બાંધછોડ સ્વીકારતા નથી એવા કવિ ચંદ્રકાન્ત ટોપીવાળાની કવિતા સાવ નોખા અવાજની છે.' વધુમાં ટોપીવાળાની કવિતાઓ પ્રયોગશીલ, પ્રતીકધર્મી, નવા તારણો, નવા અર્થો, અછાંદસીય લયકારિતા, છાંદસીય રણકાર, કાકુઓ, વ્યંગ-કટાક્ષ, દશ્ય કલ્પન, શ્રાવ્ય કલ્પન, નવલકવિતા બીજ સાથે અનુઆધુનિક સમયગાળાની નીપજ છે," જણાવી લેખક ઉત્તમ કવિતાના ઉદાહરણો ટાંકી આપે છે ટોપીવાળાના સંગ્રહમાંથી.

જાણીતા વાર્તાકાર-નવલકથાકાર અને કવિ રઘુવીર ચૌધરીની કાવ્યરચના 'કદાચ સરસ્વતી પહોંચશે'નો આસ્વાદ લેખકે તેઓના 'પડળ ખોલો તો સમજાય' શીર્ષક હેઠળના લેખમાં મૂક્યો છે. આઝાદીના ૧૦૦ વર્ષ બાદ પણ એક ચમારની દીકરીને જાતિવાદી ધાર્મિકતા, સામાજિકતા, આર્થિક સંકડામણ અને ગ્રામ્ય સમાજની કુરૂપ સમાજ રચનાને રચનાનો માર વેઠવો પડે છે. તેનું સૂક્ષ્મતમ સૂક્ષ્મતાથી નિરીક્ષણ દલપત ચૌહાણે કર્યું છે. રઘુવીર ચૌધરીએ 'કદાચ' શબ્દ વાપરી કવિતાના મૂળ રૂપને પ્રશ્નમાં ફેરવી નાંખ્યું છે. નમાયી દીકરીની વેદનાને સમસંવેદનથી અનુભવનો બાપ આ જુદ્દુ સામે હારવા તૈયાર નથી ! એક અત્યુત્તમ કવિતાનો રસાસ્વાદ આ પુસ્તકના મુગટ સમાન છે !!

નાટ્યલેખક સતીશ વ્યાસના બહુચર્ચિત નાટક 'અંગુલિમાલ'ની વિવેચના દલપત ચૌહાણે એ રીતે કરી છે કે નાટકનું પાત્ર આપણી સમક્ષ ખડું થાય. સાંપ્રત સમાજ વ્યવસ્થા, રાજ્ય વ્યવસ્થા, મૂલ્યોનું ધોવાણ-શાસનકર્તાઓની નફટાઈ-અવળચંડાઈને 'અંગુલીમાલ'ના પાત્ર થકી સુપેરે ઉઘાડી બતાવી, જાગરુક થાય એવો સંદેશો પણ ઈંગિત થાય છે. લેખક દલપત ચૌહાણે એકાધિક નાટકો લખ્યા છે અને મંચસ્થ પણ થયા છે એ દૃષ્ટિએ નાટકને સમજવા-સમજાવવાની ફાવટ ઘણી સંતર્કર્યક છે.

'શબ્દભેદ' લેખસંગ્રહમાં દલપત ચૌહાણે જુદીજુદી શૈક્ષણિક સંસ્થાઓમાં રજૂ કરેલ વક્તવ્યોનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે સતીશ વ્યાસના નાટક 'અંગુલિમાલ' વિશેનો લેખ, મલક (નવલકથા), 'હરીફાઈ' એકાંકીમાં દલિત ચેતના, નવલકથામાં દલિત ચેતના અને ૧૯૮૦ પછીના ગુજરાતી સાહિત્યમાં દલિત સ્ત્રીસર્જકોનું પ્રદાન.

લેખકની ૨૦૧૨માં પ્રગટ થયેલી નવલકથા 'રાશવા સૂરજ'નું હર્ષદ પરમારે કરેલું નાટ્ય રૂપાંતર-વિષયક અભ્યાસલેખ પ્રસ્તાવનારૂપે અહીં મૂકાયો છે. દલપત ચૌહાણના મતાનુસાર 'રાશવા સૂરજ'નું હર્ષદ પરમારે કરેલ નાટ્યરૂપાંતર સફળ અને સ-રસ નીવડ્યું છે.

નટુભાઈ પરમારના લેખસંગ્રહ 'મનસ્થ' વિષે દલપત ચૌહાણે 'ગમશે' શીર્ષક હેઠળના લેખમાં ટાંચણ કરી, સ્મરણકથાઓને આવકારી છે, આ શબ્દોમાં- "ખેડાના વણકરવાસમાં વીતેલા જીવન સાથે જોડાયેલાં કુટુંબીજનો સાથે ધીંગામસ્તીને મોજમાં પસાર કરાયેલા સમયના ભેરુઓ, ભાઈઓ, બહેનો, માતા-પિતા, મોટીમા, વાસ... શાળાથી આરંભાયેલી સ્મરણકથા રાજેન્દ્ર શુક્લની કવિતા અને પત્નીના સ્નેહ સાથે અંત પામે છે. પ્રસંગો યાદ કરવામાં આવે, આજના સંદર્ભે તેની મૂલવણી થાય, ભલે આ તાજપમાં ભૌતિક કશુંય હાથમાં ન આવે, તેમ છતાં સ્મૃતિઓ વાગોળવાનો તેમનો આનંદ શબ્દોની પસંદગીમાં છલકાય છે."

ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ સંપાદિત પુસ્તક 'ગુજરાતી દલિત નિબંધ' વિષયક લેખમાં વિવેચકે વિવિધ નિબંધો વિશે મિશ્ર પ્રતિભાવ વ્યક્ત કરી કેટલાંક પ્રશ્નો-ઉપાલંભ સ્વરૂપે મૂક્યા છે. ખેર વિવેચક આ પ્રશ્ન તો મૂકે છે પણ આ રચનાઓમાંથી શું દલિત સાહિત્ય સંદર્ભેના માપદંડ-નોર્મ્સ તારવી શક્યા છે કે કેમ ? અને કહે છે પણ ખરા કે, એને તેનો જવાબ હકારમાં આવે છે. દલિત વિભાવના દલિત જીવનને જેવું છે તેનું યથાર્થમાં નિરૂપે છે. પ્રેમ, વ્યવહાર-કુશળતા, તળની ભાષા, પરિવેશ, નવા પ્રતીક વ્યંગ-કટાક્ષસભર શૈલી, વેદના, વ્યથા, કટુતા, શોષણ અને તિરસ્કાર તેમાંથી નીપજતું સમગ્ર દલિત - અદલિત સમાજનું ચિત્રણ કલાના ધોરણો અકબંધ રાખીને ઉજાગર કરે છે તેનો આનંદ.

જાણીતા સમાજશાસ્ત્રી વિદ્યુત જોષીના પુસ્તક 'સાહિત્ય અને સમાજ' વિશે દલપત ચૌહાણ નોંધે છે કે, ''આ પુસ્તકમાં સમાવિષ્ટ કરાયેલા વિષય લેખકની સામાજિક નિસબત પુરવાર કરે છે. અહીં જે લખાયું છે તે અનુભવની કસોટીએ પાર ઉતરેલું છે એમ કહેવામાં કશું જ ખોટું નથી. ઉપરાંત સામાજિક મૂલ્યો ધરાવતું અને તેનું વિવરણ કરતું, સમાજ અને સાહિત્યને જોડતું પુસ્તક અનન્ય ગણી શકાય.''

'દલિત સર્જક સાથે પ્રશ્નોત્તરી'ના ભાગરૂપે સર્જક-વિવેચક દલપત ચૌહાણની કેફિયતકથાના કેટલાંક પરિમાણો અહીં ઉજાગર થાય છે. નિસબતના માનવી સુમનભાઈ શાહના વિધાન માટે (પ્રશ્નો વાચકો માટે અધ્યાહાર) કરેલ ઉત્તરો-પુનઃ પાછું આપણને લેખકની સર્જનયાત્રામાં ડોકિયું કરાવે છે.

આ લેખસંગ્રહનો અંતિમ લેખ 'લેખકનો સમાજ સાથેનો નાતો શું તૂટી ગયો છે ?' છે. આજના લેખકોમાં મૌલિક સાહિત્યનો વિચાર ધીરેધીરે ઘસાતો જાય છે, એની મનોવ્યથા રજૂ કરી દલપત ચૌહાણે ઘણા ઘણા વૈચારિક અને નાના પ્રશ્નો રજૂ કર્યા છે. એક તબક્કે તો એવું પણ વિધાન કરે છે કે, ''લેખક અને વાચક બંને ખોવાઈ ગયા છે.''

માત્ર સર્જન નહીં થતાં સાંપ્રત સર્જનની સાથોસાથ તેનું યથાયોગ્ય મૂલ્યાંકન એ આ અભ્યાસી સર્જક-લેખકનો મિજાજ છે. નવાઈ અને વાસ્તવિકતા એ છે કે આ લેખક પોતાની કૃતિઓનું પણ મૂલ્યાંકન કરી વાચકને વૈચારિક સ્તરે મૂકી આપે છે. દલપત ચૌહાણની ૧૯૮૩થી શરૂ થયેલી સર્જનયાત્રાની સાબિતી તેમના બે ડઝન પુસ્તકો છે.

વિપુલ સાહિત્યસર્જનની સાથોસાથ વિવેચનમાં પણ અગ્રીમ રહેતા લેખક રાજ્ય સરકાર, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી વિવિધ સન્માન-પારિતોષિકોથી પુરસ્કૃત થયા છે. દાસીજીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ એવોર્ડ 'ભળભાંખળું' નવલકથા માટે ૨૦૦૬માં અને કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્ય પુરસ્કાર-૨૦૦૧/૦૨ મુખ્ય છે. લેખકના સાહિત્ય સર્જન ઉપર દશેક વિદ્યાર્થીએ એમ.ફિલ તો અઢાર જેટલા વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે.

દલપત ચૌહાણ, નીરવ પટેલ અને પ્રવીણ ગઢવી કે જેઓ પ્રારંભે 'આક્રોશ' અને 'કાળો સૂરજ'ના પ્રકાશનથી દલિત સાહિત્યમાં પ્રવેશ્યા, એ ત્રણે સર્જકોની સર્જનયાત્રાએ સાંપ્રત ગુજરાતી દલિત સાહિત્યમાં ઉચ્ચ શિખરો પ્રાપ્ત કર્યા છે. એ પૈકીના દલપત ચૌહાણ આજે પણ એટલી જ દલિતોની જિકર-ફિકરમાં વ્યસ્ત રહી નિજ કલમ થકી સમાજને ઠમઠોરતા રહ્યા છે એ આપણ સૌની નિસબતના ભાગીદાર લેખી શકાય. મોહન પરમારે દલપત ચૌહાણને રાષ્ટ્રીય કક્ષાએ વધારેમાં વધારે જાણીતા સાહિત્યકાર તરીકે ઓળખાવ્યા છે.

# પોતીકી ઓળખ ઊભી કરવાની મથામણ : 'રાશવા સૂરજ'

**સમીક્ષા**

**કાન્તિ માલસતર**

**(રાશવા સૂરજ, (નવલકથા) દલપત ચૌહાણ, હર્ષ પ્રકાશન,અમદાવાદ, પ્ર.આ.૨૦૧૨)**

દલપત ચૌહાણ પાસેથી 'મલક' (૧૯૯૧), 'ગીધ' (૧૯૯૯) અને 'ભળભાંખળું' (૨૦૦૪) પછી 'રાશવા સૂરજ'(૨૦૧૨) નવલકથા મળે છે. આ નવલકથા આઝાદી પૂર્વેના બે દાયકાને આલેખે છે. 'ભળભાંખળું'નો ઉત્તરાર્ધ 'રાશવા સૂરજ'માં છે. અહીં 'ભળભાંખળું' નવલકથાના જ મણિ, વાલો, અંબા, પશા નાથા, ઉગરા ભગત જેવા પાત્રો સાથે જેઠા બેચર, મૂળો, રઈ, નારસંગ મુખી, નાનજી ભગત જેવાં બીજા કેટલાંય પાત્રો છે. અહીં કોઈ એક પાત્ર નાયક-નાયિકારૂપે નથી આવતું પણ સમગ્ર સમાજ નાયકરૂપે આવે છે. કથાનો આરંભ દલિત વાલા-અંબાની દીકરી મણિના લગ્નમાં ઢોલ વગાડતાં અને બેડું અપાતાં ગામના રૂઢિચુસ્ત ઠાકોરો વીફરે છે ને જાન પર હુમલો કરે છે - ઘટનાથી થાય છે ને મણિનું આણું વાળવાના પ્રસંગથી કથા પૂરી થાય છે. આ બે ઘટના વચ્ચે નવલકથાકારે આઝાદી પૂર્વેના ઉત્તર ગુજરાતના દલિત સમાજની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સ્થિતિને તંતોતંત ઉજાગર કરી છે. અહીં દલિતો પર બિનદલિતોના અત્યાચારો છે, તો સાથોસાથ પશા નાથા, રઈ જેવાં પાત્રોનો બિનદલિતો દ્વારા થતાં અન્યાય-અત્યાચાર સામે વિદ્રોહ પણ છે. જેમકે મલીકપુરે વણકરોને બેડાથી પાણી ભરવાની છૂટ તો આપેલી પણ એક શરત મૂકી કે બેડું માથે નહીં લેવાનું પણ કેડમાં લેવાનું ! ગામની આમન્યા પાળવાની ! પણ પશા નાથાને આવી શરત મંજૂર નથી. તે વિચારે છે, ''હાહરી ખોટી અમાન્યાઓ પાળવાની ?''(પૃ.૧૦૪) ...સાલ્લું ! જો મારા ગામમાં બેડું આવે તો ઉઘાડે છોગ લડી લેવું. કેડે ઘૂણિયો (બેડું) નહીં. હાહરું ! મરેલા મરેલા કયાં સુધી જીવવું ?'' (પૃ.૧૦૫) આ ઉપરાંત વણકર મણિની આબરૂ લેવાનો પ્રયાસ કરનાર શનોજીને મિયોર રઈ ઝૂડી નાખે ! મણિને લગ્નમાં બેડું આપવાથી છંછેડાયેલા ઠાકોરો દ્વારા જાન પર ધૂળ-ઢેફાં ફેંકાય છે, દલિતોના પીવાના પાણીના ખાદરામાં છાણ નાખવાનો પ્રયાસ થાય ત્યારે વાસના દલિતો તેનો પીછો કરી ભગાડે ને પોલીસ ફરિયાદ કરે છે. અખાત્રીજે ગામના મહાદેવના મંદિરના ભૂમિપૂજનમાં દલિતોને નિમંત્રણ નથી. છતાં પણ વાલો, કચરો, ભગત, પશા નાથા અને બીજા ઘણા દલિતો ત્યાં પહોંચી ગયા છે. વાલો, કચરો અને ભગતે તો ભક્તિપૂર્વક મહાદેવને નમસ્કાર કર્યા, પશા નાથાએ હાથ જોડ્યા ખરા પણ જોડવા ખાતર. તેને નિમંત્રણ વિના આવ્યાનો ક્ષોભ હતો. દલિતો મહાદેવ પાસે કશુંક માગે છે તે જાણી ત્યાં ઊભેલો એક બિનદલિત બોલ્યો, ''ઢેડ...હું માગઅ ! માર જ નઅ !'' (પૃ.૧૮૦) આ મશ્કરીથી પશા નાથાને પગની પાનીથી માથાની ચોટી સુધી ઝાળ લાગી આવતાં પ્રસાદ લીધા વિના જ જતો રહે છે ! ને કહે છે, ''દિયોર ! ગાંમ ચેડી સેહનો એંઠવાડ ઉપર આથે ખોબામઅ નાખસી ! હાહરો સેહ એંઠવાડો, ઈંમ ઈંમનો પરભુંય એંઠવાડો. આપણઅ તો પૈણાયું હળગાયું નઅ હારું કરજો નરસંગ સાયેબ.'' (પૃ.૧૮૨) આમ, માણસનો દ્રોહ કરનાર આ પરંપરા અને એનાં સાંસ્કૃતિક મૂલ્યોનો વિદ્રોહ સહજ લાગે છે. બીજી તરફ નવલકથાકારે વણકર-મિયોર વચ્ચેની છૂઆછૂતને પણ સહજ રીતે ઉઘાડી પાડી છે.

આ નવલકથા સંદર્ભે ડો. ભરત મહેતાનું નિરીક્ષણ નોંધપાત્ર છે, ''રાશવા સૂરજ' માં પ્રેમકથાના જાણીતા ડોળિયાથી દલપત ચૌહાણ પણ દૂર રહ્યા છે. વણાટકામની સંસ્કૃતિ અને ઉત્તર ગુજરાતની વિસરાતી જતી બોલીનો અહીં મહોત્સવ મંડાયો છે. બિનદલિતોની જેમ જ દલિતોનો સમાજ પણ ખાંચાખૂંચીવાળો છે. એમાંયે રિવાજોનું દબાણ છે, વારતહેવારે દારૂ પીવાય છે. પશા-મણાની દોસ્તી નિમિત્તે દલિતના વર્ણાશ્રમને પણ

લેખકે ઝપટમાં લીધો છે. અહીં નેંભાડો પઈણાવતા પરભુ કુંભાર છે, સાદ પાડતા બાબા રાત છે, સારા સવર્ણ એવા નેનજી ભગત છે. ઠાકરડા છે. સાટા પદ્ધતિથી રીબાતી રઈ જેવી મણિની બહેનપણી છે, ઢોલ-નગારાં પીટયા વિના પશા નાથાના દ્વારા આંબેડકરી દર્શન પરોવાયું છે. વિદ્રોહનો એક બારીક તંતુ અહીં છે. દલિતોનું નગર સંક્રમણ કુતુહલસભર નિરૂપાયું છે. શ્રમિક સમાજના સ્થળાંતરની આ કથા છે. જેઠા બેચરની સિદ્ધપુર જવાની કથા નિમિત્તે દલિતો દ્વારા પહેલીવાર પીવાતી ચા, પહેલીવાર પડાવાતો ફોટો, પહેલીવાર જોવાતું શહેર નિરૂપાયું છે. લોકસમાજની અહીં સાગમટે પ્રસ્તુતિ છે. કેન્દ્રમાં દલિત પાત્ર હોવા છતાં અઢારે વર્ણ અહીં છે. એ અર્થમાં આ નવલકથા 'ઉપરવાસ કથાત્રયી' (રઘુવીર ચૌધરી)થી આગળ વધે છે. સામાજિક પિરામીડના શિખરને કથાત્રયી આલેખે છે તો એના પાયાને 'રાશવા સૂરજ' આલેખે છે. ગુજરાતનો સામાજિક ઇતિહાસ આવી નવલકથામાં ધરબાયેલો છે એમ કહી શકાય.'' (પરિવેશ, એપ્રિલ-મે-જૂન,૨૦૧૩,પૃ.૫૮)

'રાશવા સૂરજ'માં અભાવ, અન્યાય, અત્યાચાર, પીડા વચ્ચે પોતીકી ઓળખ ઊભી કરવાની મથામણ, સ્વાભિમાનથી જીવવાની આંતર ખેવના રસપ્રદ રીતે નિરૂપણ પામી છે. દલપત ચૌહાણે અગાઉની ત્રણે નવલકથાઓની જેમ આ નવલકથામાં પણ સમયના વહેણ સાથે વિસરાઈ ગયેલા તળપદા શબ્દોને પ્રયોજ્યા છે, જેને કારણે ગુજરાતી ભાષાનો શબ્દકોશ વધુ સમૃદ્ધ બન્યો છે. 'મલક' થી 'રાશવા સૂરજ' સુધીમાં દલિત સમાજના વિકાસનો ગ્રાફ વાચકને સાંપડે છે. આવી રચનાઓ ગુજરાતના દલિત સમાજનો સામાજિક-સાંસ્કૃતિક ઇતિહાસ લખવામાં પણ કડીરૂપ ભૂમિકા ભજવશે.

# અમદાવાદની ચાલીઓ : શહેરની આગવી ઓળખ

**નજીકથી, દૂરથી**

**વિઠ્ઠલરાય શ્રીમાળી**

આબાદ થતી, વિસ્તરતી જતી છસો વર્ષ પુરાણી નગરી અમદાવાદ અને તળ અમદાવાદમાં વસેલી, વિરાસતના વારસા જેવી ભાતીગળ અને આગવી ઓળખ ધરાવતી પોળોની વાત કરતાં કોટની બહાર ફરતે વસેલી ચાલીઓ અને તેમાં વસેલા માનવજીવનની વાત પણ કરવી પડે.

આ ચાલીઓની ઉત્પત્તિ ક્યારે થઈ, કેમ થઈ ? તેની વિશેષતાઓ શું છે વગેરેની વાતો પણ કરવી પડે તેમ છે. અમદાવાદને આબાદ થવામાં આ ચાલીઓનો ફાળો પણ કંઈ કમ નથી.

આ સાબરનો કિનારો છે. એના પાવન કાંઠે વસેલા નગર નાશ પામતાં નથી બલકે ઉત્તરોત્તર એની પ્રગતિ થતી જાય છે.

સાબરમતીના કિનારે કોઈક સ્થળે ઊંચી નીચી ભેખડો છે, વળાંક છે અને સપાટ ભૂમિ પણ છે.

આદિવાસી આશાભીલે તેની જીતની યાદમાં આશાવલ્લી વસાવ્યું અને પાટણના પ્રભાવી રાજવીએ આ નગર જીતી લીધું. તેના નામ ઉપરથી કર્ણાવતી નામનું નગર બંધાવ્યું.

ગુજરાતના છેલ્લા બાદશાહને સાબરનો આ કિનારો ગમી ગયો. તેના કિનારે તેણે અહમદાબાદ નગર વસાવ્યું. નગરની રક્ષા અને આબાદી માટે ચાર દિશાએ સૂફી સંતોની ચાર દરગાહ બનાવી. નગરની રક્ષા માટે મજબૂત કિલ્લો બનાવ્યો. બાર દરવાજાઓની રચના પણ કરી. આ દરવાજાની ઓળખ પણ આપી. જેમાં લાલ દરવાજા, ખાન દરવાજા, દિલ્હી દરવાજા, શાહપુર દરવાજા, દરિયાપુર દરવાજા, પ્રેમ દરવાજા, કાળુપુર દરવાજા, સારંગપુર દરવાજા, આસ્ટોડિયા દરવાજા, જમાલપુર દરવાજા, રાયપુર દરવાજાનો સમાવેશ થાય છે. દરવાજાના નામથી તેની અંદરનો વિસ્તાર ઓળખાય છે.

કોટની અંદર નગરની પ્રખ્યાત પોળો પણ આવી જાય છે. જેમાં શ્રેષ્ઠીઓ, શાહુકારો, સાક્ષરો, કલાકારો, નગરના વહીવટદારો, સ્થપતિઓ વગેરે વસતા હતા. તેમની આજુબાજુના વિસ્તારોમાં નાના ઉદ્યોગકારો, કારીગરો, શ્રમજીવીઓ અને અન્ય પરચુરણ કામ કરનાર વસતા હતા. રાતના આઠ વાગે આ દરવાજા શહેરની સલામતી માટે બંધ થતા હતા અને અંદરની પ્રજા સુખની, સલામતીની નિંદર માણતી હતી.

સમયે કરવટ બદલતાં પશ્ચિમના દેશોમાં ઔદ્યોગિક ક્રાંતિ થવા લાગી. જેની હવા અમદાવાદને પણ સ્પર્શી ગઈ. રણછોડલાલ રેંટિયાવાળાએ અમદાવાદમાં કાપડમિલની સ્થાપના કરી. જેમાં પંદરસો, બે હજાર જેવા કારીગરોની અછત વર્તાતાં આજુબાજુના ગામડાઓમાંથી મિલમાં કામ કરવા લોકો આવવા લાગ્યા. મિલો સ્થપાતી ગઈ અને ગામડાની વસતીની વણઝાર શહેર તરફ શરૂ થઈ. એમના વસવાટ માટે મિલોની આજુબાજુ એક રૂમ, ઓસરીવાળી ઓરડીઓવાળી ચાલીઓ બનવા લાગી. જેમાં આ મિલોના કામદારો, કારીગરો વસવા લાગ્યા. મિલોની સ્થાપના થતાં તેને આનુષાંગિક નાના નાના ઉદ્યોગો પણ વધવા લાગ્યા. એમાં કામ કરતો વર્ગ પણ ચાલીઓમાં વસવા લાગ્યો. આમ આપણા અમદાવાદમાં રોજી, રોટીની વ્યવસ્થા મળતી ગઈ. વસતી વધવા લાગી એની સાથે નવી ચાલીઓ પણ બનવા લાગી.

ગામડામાં વસતા પછાત, દલિત વર્ગના લોકો કાયમ કામ ના મળવાને કારણે અર્ધ ભૂખમરો વેઠવા લાગ્યા. જમીનદારોની જોહુકમી, અવહેલના અને અપમાનો વેઠવા લાગ્યા જેને કારણે આવો વર્ગ શહેરમાં આવવા લાગ્યો. મિલોમાં રોજી મળતાં ચાલીઓમાં વસવા લાગ્યો.

આમ આજુબાજુના પચાસથી સો માઈલના વિસ્તારોના ગામડા ખાલી થવા લાગ્યા અને ચાલીઓ ભરપૂર થવા લાગી. અમદાવાદ નગર આબાદ થવા લાગ્યું. જેમાંથી મ્યુનિસિપાલિટીમાંથી મ્યુ. બરો અને પછી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન થયું. આમ સ્થાનિક સ્વરાજની આ સંસ્થા પણ સમૃદ્ધ થઈ. એનો કારોબાર વધી ગયો.

શહેરીકરણની પ્રક્રિયા વધતાં અમદાવાદ નગર વિકસતું ગયું અને વિસ્તરતું ગયું. શહેરના બે ભાગ પડી ગયા. કોટની અંદર રહેતા રહીશો, નાગરિકો પણ આ રીતે ઓળખાવા લાગ્યા. હાલ અમદાવાદ શહેર પૂર્વ વિસ્તાર અને પશ્ચિમ વિસ્તાર એમ ઓળખાય છે. પૂર્વમાં સામાન્ય કારીગરો, મજૂરો, પછાતો અને દલિતો વસે છે. પશ્ચિમમાં શિક્ષિત અને આર્થિક સમૃદ્ધ લોકો વસે છે.

અમદાવાદ શહેરના કોટની બહાર ચાલીઓમાં ઝુંડેઝુંડ બનવા લાગ્યા. બહારથી આવતી વસતી તેમાં વસવા લાગી. ઓટલો અને રોટલો મળતાં આમજનતા સમૃદ્ધ તો નહીં પણ સુખી હતી. સંતોષથી રહેતી હતી. ગામડામાં ચટણી અને રોટલો કે છાશની કઢી અને રોટલો, સાંજે બાફેલું કઠોળ કે કવચિત ખેતરમાંથી વીણી લાવેલ, કાળીંગડું કે ઓળાસીંગ, ગવારનું

શાક ખાતા હતા. એના બદલે શહેરમાં સ્વમાનભેર જીવવા મળ્યું અને બપોરે શાકભાજી કે નોનવેજ અને સાંજે ખીચડી, ચટણી કે મોટાનું શાક, શાકભાજી ખાવા મળતી. શ્રમજીવીઓના જીવનધોરણમાં ફરક પડી ગયો. પગારના દિવસે બાળકોને મીઠાઈ ખાવા મળતી અને બોનસ મળે ત્યારે પણ જલસા થઈ જતા. કસર કરીને સોનું ખરીદાતું. એમાંય બાળકો તો સાંજે ખીચડીમાં દરરોજ મોટાનું માગતા. પાશેર કે અચ્છેર મટનમાં મસાલો નાખીને, પાણીવાળું પણ લિજ્જતદાર શાક ખીચડીમાં ખાવા મળે તો તો આનંદ આવી જાય. સાંજ પડે કોઈકવાર મહેમાન આવે ત્યારે કે એકલા પણ ઘરનો મોભી રાતપડે છાંટોપાણી પણ કરી લેતો.

ઈંટ, માટીની ચાર દીવાલો ઉપર પતરાં કે દેશી નળિયાં નાખેલી દસ બાય બારની ઓરડીમાં છથી આઠ માણસનું કુટુંબ રહેતું હતું. આગળના ભાગે ઓસરી પણ હતી. મહેમાનો આવે તો ત્યાં સૂતા. ઓસરી એ બેઠક રૂમ અને અંદરની ઓરડીમાં કિચન, સ્ટોરરૂમ અને બેડરૂમનો સમાવેશ થતો હતો. આવી ચાલીઓમાં પચાસથી દોઢસો કે બસો ઓરડીઓ રહેતી. જે જનરલી 'ઓયડી' તરીકે ઓળખાય. ઓરડી ના મળી હોય તે ચાલીની ખાલી જગામાં કાચા છાપરાં બનાવીને રહેતા.

આવી ચાલીઓના છેવાડે પાંચ, દસ કે વીસ જાહેર શૌચાલય રહેતા. સવારમાં તો લાઈન લાગતી. જેમાં બહાર ઊભેલા, ઉતાવળથી અકળાતા હોય તે જાજરૂ ખકડાવે-અંદર બેઠેલો હોંકારો ભણે. શૌચાલયમાંથી આવ્યા પછી ઓસરીમાં ચોકડી હોય ત્યાં ઠંડાપાણીએ નાહી લેવાતું. સંડાસની પાછળ બાળકો અને રાત્રે સ્ત્રીઓ દ્વારા મળવિસર્જન થતું. સતત એવી દુર્ગંધ મારે કે બહારથી મહેમાન આવેલા હોય તે અકળાઈ જાય. ચાલીના રહીશો શું કરે ? એમને કોઠે પડી ગયું હતું. ત્યાં જ ફરજિયાત રહેવું એ તેમની આર્થિક મજબૂરી હતી. ચાલીની વસતી માનો કે નરકમાં જીવતી હતી પણ તેમને શહેરમાં રહેવાનો સંતોષ હતો. માનવજીવનના ત્રણ અગત્યના પ્રસંગો જેવા કે મૈણ, પૈણ અને જૈણ પણ ચાલીના આશિયાનામાં જ થતા હતા.

અમદાવાદની પોળમાં જેમ પોળ હોય છે એમ ચાલીઓમાં ચાલીઓ હતી અને છે. એમાં પ્રવેશ્યા કે પાંચ છ ચાલી આમતેમ વટાવીને બહાર રોડ કે દુકાનમાં જવાય.

દેશની આઝાદી પછી અનસૂયાબહેન સારાભાઈ અને મહાત્મા ગાંધીની પ્રેરણા અને પ્રયત્નોથી અમદાવાદમાં મજૂર મહાજન સંઘ (ઈન્ટુક)ની રચના થઈ. તેમણે મજૂરોને એકત્રિત કર્યા અને તેમના પગાર, કામના કલાકો વગેરે માલિકો પાસે નક્કી કરાવ્યા.

ચાલીઓમાં મહાજને સંસ્કાર કેન્દ્રો, સિવણ વર્ગો વગેરે શરૂ કરાવ્યા જેના કારણે મજૂરો હકો માટે અને જીવન સુધારણા માટે વિચારવંત થયા. તેમના બાળકો મ્યુનિસિપાલીટીની શાળાઓમાં જતાં થયા. આમ તેમનામાં જાગ્રતિ આવતાં શિક્ષણ મેળવીને ચાલીમાંથી ગ્રેજ્યુએટ, ડબલ ગ્રેજ્યુએટ અને પીએચ.ડી. તૈયાર થવા લાગ્યા. જેને કારણે ચાલીઓમાંથી પ્રોફેસરો, ડૉક્ટરો, એન્જિનીયરો તથા અધિકારીઓ, આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. અધિકારીઓ થયા. આમ ચાલીઓએ કેટલાય પછાત અને મજૂર વિસ્તારના એવા યુવકોની ભેટ આપી જે મોટા સરકારી અધિકારીઓ બન્યા હતા.

એટલું જ નહીં કોમી રમખાણોમાં ચાલીઓએ ઘણું સહન કર્યું. પરંતુ ૧૯૮૧ અને ૧૯૮૫ના અનામત આંદોલનોમાં જોરદાર લડત આપીને તેનું ખમીર બતાવ્યું. આવા રમખાણો વખતે પહેલાં એ માથે હાથ દઈને બેસી રહેતા કે ગામડે - વતનમાં ભાગી જતા. તેમણે અનામતના તોફાનોમાં જાગ્રત બની એક બની લડી લીધું. પોતાનું ખમીર બતાવ્યું.

આ ચાલીઓ એટલી ભાગ્યશાળી હતી કે મહાત્મા ગાંધી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવાઓ અવારનવાર ચાલીઓની મુલાકાત લેતા. લોકોને જાગ્રત કરતા રહેતા. એને કારણે મજૂર મહાજનના પ્રતિનિધિઓ, નેતાઓ, સામાજિક કાર્યકરો, ધારાસભ્યો અને સંસદસભ્યોની અમૂલ્ય ભેટ પણ આ ચાલીઓએ જ આપી. કેટલાય કર્મશીલો ચાલીઓમાં પેદા થયા. સમાજને જાગ્રત કરતા પત્રકારો પણ ચાલીઓમાંથી જ આવ્યા છે. એટલે બધા પ્રેમથી કહે છે, ''ચાલી અમારી વ્હાલી.''

આજ ચાલીઓએ ડાયરાના કલાકારો, રેડિયો, ટી.વી. કલાકારો અને મહાન સંગીતકાર, એકટર બેલડી મહેશ-નરેશની ભેટ પણ આપેલ છે.

અનામતના આંદોલનના પરિપાકરૂપે ચાલીઓમાંથી સાહિત્યસર્જન થવા માંડ્યું. દલિતોની પીડા, વ્યથા અને વેદનાઓ કવિતા, વાર્તા, નિબંધ વગેરે માધ્યમો દ્વારા વ્યક્ત થવા લાગી. આમ દલિત સાહિત્યનું વિપુલ પ્રમાણમાં સર્જન થવા માંડ્યું. દલિત સાહિત્યકારો આ ચાલીઓમાંથી જ જન્મ્યા.

અધિકારો, સમાજ સેવા, રાજકીય પદપ્રાપ્તિ, કલા, સાહિત્ય, સંગીત, નેતાગીરી, શિક્ષણ એ બધી અમદાવાદની ચાલીઓની દેણ છે. અમદાવાદની સર્વગ્રાહી આબાદી માટે અમદાવાદની ચાલીઓનો પણ અમૂલ્ય ફાળો છે. અમદાવાદનો ઈતિહાસ લખનારે આ ચાલીઓની અવશ્ય નોંધ લેવી જ પડશે.

## દલિત અધિકારના શુભેચ્છકો

**જેમના તરફથી આર્થિક યોગદાન મળેલ છે...**

- **કનુભાઈ વ્યાસ**
  (જાણીતા દલિત આગેવાન, ડૉ. આંબેડકર સંપર્ક અભિયાનના સ્થાપક, લેખક અને નિવૃત ડિસ્ટ્રિક્ટ જજ, આણંદ) રૂ. ૨૦૦૦/-
- **જશવંતભાઈ વાલજીભાઈ પરમાર**
  (નિવૃત્ત સિનિયર મેનેજર, યુનિયન બેંક ઑફ ઈન્ડિયા, અમદાવાદ) રૂ. ૫૦૦/-
- **પ્રો. ડૉ. મહેશભાઈ એચ. વાઘેલા**
  (અધ્યાપક અને કર્મશીલ, મહેમદાવાદ, જિ. ખેડા) રૂ. ૫૦૦/-

## સંપાદકીય કાર્યાલય

**''દલિત અધિકાર'' માટેના**
**લેખો, અહેવાલો, કાવ્યો અને અન્ય ,**
**સમીક્ષા માટેના પુસ્તકો, વિનિમયાર્થે સામયિકો**
**તથા લવાજમ**
**નીચેના સરનામે મોકલવા વિનંતી છે.**
**ચંદુ મહેરિયા**
**'નિરાંત', ૧૪૧૬/૧, સેકટર-૨-બી, ગાંધીનગર-૩૮૨૦૦૭**
**મો.નં.૯૮૨૪૬ ૮૦૪૧૦**
**Email- maheriyachandu@gmail.com**

# હું, અમદાવાદ અને આભડછેટ

**વિશેષ**
**ચંદુ મહેરિયા**

મારી વાત હું બે હિસ્સામાં કરવાનો છું. આરંભે અમદાવાદ, દલિતો, આભડછેટ અંગેની ઐતિહાસિક વિગતો આપવી છે, તો પછી થોડા અંગત અનુભવો.

અમદાવાદને લગતા સઘળાં ઈતિહાસગ્રંથોમાં દલિતોનું સ્થાન સાવ જ નગણ્ય કે હાંસિયામાં જોવા મળે છે. 'મહાગુજરાતના મુસલમાનો' જેવી અમદાવાદના ઓરગણાઓ વિશેની ઈતિહાસ કિતાબ જૂની પેઢીના સબાલ્ટન ઈતિહાસના આલેખક, મકરંદ મહેતા કે નવી પેઢીના અરુણ વાઘેલાની પ્રતીક્ષામાં છે. જે કોઈ આછી પાતળી ઐતિહાસિક વિગતો અમદાવાદના દલિતો સંદર્ભે મળે છે તે શહેરમાં દલિતોની દયનીય સ્થિતિ દર્શાવે છે.

પંદરમી સદીમાં અમદાવાદ સ્થપાયું તે પૂર્વે આશા ભીલનું આશાપલ્લી કે સાબરમતીની પેલેપાર કર્ણાવતી હોવાના પુરાવા મળે છે. મુસ્લિમ સલ્તનત, મુગલ સામ્રાજય, મરાઠા યુગ, બ્રિટિશ શાસન અને આઝાદી પછીનું અમદાવાદ, એવા પાંચ ભાગમાં અમદાવાદનો ઈતિહાસ વહેંચાયેલો છે.

''અમદાવાદનો ઈતિહાસ''માં મગનલાલ વખતચંદ અમદાવાદની વસતીની જાતિવાર તપસીલ કંઈક આમ આપે છે: ''હીંદુમાની ઊંચ વરણના લોકો માણેકચોકની આસપાસ અથવા શહેરની મધ્યભાગમાં રહે છે. દક્ષિણ ભાગમાં બાંધણીગરા, ભાઉસાર તથા કણબી રહે છે. પૂર્વ ભાગમાં વાંણઈઆ, કણબી તથા મુશલમાંનની વસ્તી છે. ઉત્તર ભાગમાં કાલુપુરમાં મુશલમાંન તથા ખાતરી વણનાર રહે છે, ને ઉત્તર ઈંદૂડીઆમાં તથા શાહાપુરમાં હિંદુ તથા મુશલમાંન, કાગદી તથા સપેતી વણનાર રહે છે. પશ્ચિમ ભાગ માં ભદર તથા ગાયકવાડ હવેલી છે, ત્યાં મુશલમાંન ને પારશી રહે છે.'' (પૃષ્ઠ - ૩)

આ વર્ણન પરથી સમજાય છે કે નગર અમદાવાદમાં દલિતોનું સ્થાન કશા દરજ્જા વગરના નાગરિકનું હશે. દલિતોનો સાક્ષરતા દર આજે ગુજરાતના સાક્ષરતા દર કરતાં લગીર વધારે છે. ત્યારે એ વખતના અમદાવાદના દલિતોના શિક્ષણની સ્થિતિ અંગેનું ઈતિહાસ સત્ય આપણને વિચારવા પ્રેરે એવું છે. મગનલાલ વખતચંદ લખે છે : ''સરકારી અંગ્રેજી નીશાળ થવાનું ખરું કારણ એ લાગે છે કે જાહારે એ પાદરીની નિશાળ વલંદાની હવેલીમાં હતી ત્યારે એક ઢેડનો છોકરો ભણવા આવ્યો. તેહને સ્કૂલ માસ્ટરે નીશાળમાં દાખલ કરયો. તે ઉપર છોકરાઓએ તકરાર લીધી કે એ ઢેડ આવશે તો અમે નહીં આવીએ. પછી માસ્ટરે ઢેડ ને નીશાળની બહાર બેસાડ્યો. પણ હેવી રીતે બે-ત્રણ વાર થયું.તેથી નગરશેઠ હીમાભાઈ તથા બીજાએ મળીને અંગ્રેજ કલેક્ટરને અંગ્રેજી નીશાળ કરવા વિનંતી કરી.'' (પૃષ્ઠ-૭૪)

હા, તો સાહેબો, અમદાવાદમાં પહેલી સરકારી અંગ્રેજી શાળા દલિતના શાળા પ્રવેશને અટકાવવા, તેના વિરોધમાં કે તેનાથી જુદા પડવામાંથી થાય છે.

ઈ.સ. ૧૮૯૯માં અમદાવાદની વિક્ટોરિયા જ્યુબિલી હોસ્પિટલમાં એક દલિત સ્ત્રીને પ્રસૂતિ માટે દાખલ કરતાં બાકીની સ્ત્રીઓ હોસ્પિટલ છોડી જાય એવું પણ બન્યું છે.

આભડછેટ અને ભેદભાવ નગર અમદાવાદમાં દલિતોનો પીછો છોડતાં નથી. દાદાસાહેબ માવલંકર અને ચંદુલાલ ભગુલાલ દલાલે, ''રાષ્ટ્રીય ચળવળમાં અમદાવાદ મ્યુનિસિપાલીટીનો ફાળો'' એ કિતાબમાં નોંધ્યું છેઃ માંડવીની પોળના રહીશોની અરજી આવી કે પોળ પાસેની ટાંકીમાંથી પહેલાં શ્રાવકો અને વાણિયા જ પાણી ભરતા હતા. પરંતુ હવે તો બધી જ જ્ઞાતિના ભરે છે. એટલે પાણી દૂષિત થાય છે. તેથી ઉચ્ચ વર્ણની આ બે જ કોમો પાણી ભરે તેવો બંદોબસ્ત થવો જોઈએ. આ મુજબની વ્યવસ્થા કરવા માટે ૨૩-૧-૧૮૬૩ની સભામાં બહુમતે મંજૂર થયું. તા. ૪-૯-૧૮૬૯ની કાર્યવાહી પરથી જણાય છે કે કાલુપુર રસ્તાના સમારકામ માટે ઢેડાને મોકલવા એ મતલબથી એક અરજી લલ્લુ નથ્થુ નામના એક માણસે કરી હતી. એ જ કાર્યવાહી પરથી જણાય છે કે ઢેડોને જાહેર જાજરુ વાપરવાની છૂટ નહોતી તેથી એમના માટે અલગ જાજરુ બનાવવા ઠરાવવામાં આવ્યું. (પૃષ્ઠ : ૩૧)

શું શિક્ષણ કે શું પાણી, શું જાજરુ કે શું પહેરવું - સર્વે વાતે દલિતો પ્રત્યે ભેદ હતા અને તેમને રંજાડવામાં આવતા હતા. અમદાવાદની હદના હાથીજણમાં દલિતો એક છેડે ધોતી પહેરે તો પટેલો માર મારે અને કહે કે ''સાલા પટેલ થઈ ગયા છો'', જો બે છેડે ધોતી પહેરે તો ઠાકોરો વાંધો લે. એટલે દલિતોને ઢીંચણ ઊઘાડા રહે તેવું પંચિયું પહેરવું પડતું.

તમે કહેશો સાહેબો કે આ તો બધી ગયા જમાનાની વાતો. આજે તો અમદાવાદ બદલાઈ ગયું છે. હા, ૧૯૧૫માં ગાંધીજીનું આગમન થાય છે તે કોચરબ આશ્રમ સ્થાપે છે. ખાસ્સી ઝીંક ઝીલીને તેમાં એક હરિજન કુટુંબને વસાવે છે. એ પછીના વરસોમાં સાબરમતીના તટે આશ્રમ સ્થાપે છે. તેનું નામ પાડે છેઃ હરિજન આશ્રમ. પણ આજે આશ્રમના સંચાલકોને એ નામ ગમતું નથી. એનું નવું નામ ''ગાંધી આશ્રમ'' કે ''ગાંધી સ્મૃતિ સંગ્રહાલય'' બની ગયું છે. એટલો ફેર જરૂર પડ્યો છે.

ગાંધીજીના અમદાવાદ આગમન પૂર્વે ૧૮૬૧માં શેઠ રણછોડલાલે અમદાવાદમાં કાપડની મિલ શરુ કરી અને ઔદ્યોગિક અમદાવાદનો જન્મ થયો. મૂળગામી દલિતો ઉપરાંત ગામેગામથી દલિતો અમદાવાદમાં આવી વસ્યા અને પેટિયું રળવા લાગ્યા. જો કે અમદાવાદની મિલોમાં પણ આભડછેટ રખાતી. વણકરીનો દલિતોનો પરંપરાગત ધંધો છતાં તેમને સાળખાતામાં રાખવામાં આવતા નહીં. કેમ કે જો સૂતરના તાર તૂટે તો તે થૂંક વડે સાંધવો પડતો. તેથી આભડછેટ લાગે. એટલે દલિતોને સાળખાતા સિવાયના ખાતાઓમાં - ઓછા પગારવાળા ખાતાઓમાં જ-નોકરીએ રખાતા.

ગાંધીનું ગુજરાત અને સરદારનું અમદાવાદ આવી સ્થિતિમાં પણ દલિત ચળવળથી આઘું ન રહી શક્યું. તુલસીદાસ આચાર્યના ગૃહપતિપદે અમદાવાદના ખાનપુર વિસ્તારમાં ચાલતી ડિપ્રેસ્ડ કલાસીઝ હોસ્ટેલ વિશે ચર્ચા કરવા શાયદ પ્રથમવાર ડૉ. બાબાસાહેબ આંબેડકર ૨૮મી જૂન, ૧૯૩૧ના રોજ અમદાવાદ આવેલા. એ ઘટનાને હવે તો ખાસ્સા આઠ કરતાં વધુ દાયકા થઈ ગયા છે. અમદાવાદમાં સફાઈ કામદારોની હડતાળો થઈ છે તો ૧૯૪૨ની હિંદછોડો ચળવળમાં દલિતો સહિતના સૌ મિલ કામદારોએ ત્રણ-ત્રણ મહિના મિલો બંધ રાખી હતી. દલિતોના બસપ્રવેશ, હોટલ પ્રવેશ અને મંદિર પ્રવેશના કાયદા તો થયા પણ તેના અમલ માટે ખુદ દલિતોએ સત્યાગ્રહ કરવા પડ્યા હતા. પરંતુ ઈતિહાસના ગાંધીયુગીન સત્યાગ્રહોમાં

દલિતોના આ સત્યાગ્રહોને ક્યાંય સ્થાન મળ્યું નથી.

આભડછેટ અને અનામત સંદર્ભે અમદાવાદનું (આઝાદી પૂર્વેના અને આઝાદી પછીના તુરતના અમદાવાદનું )વલણ સમજવા બે નોંધપાત્ર બનાવોનો મારે ખાસ ઉલ્લેખ કરવો છે.

ઈ.સ. ૧૯૩૪માં અસ્પૃશ્યતા નાબૂદીનો ખરડો વડી ધારાસભામાં આવ્યો. ત્યારે અમદાવાદ મ્યુનિસિપાલીટીએ પણ તેના ટેકાનો પ્રસ્તાવ કરેલો. કૃષ્ણાચાર્ય રામાનુજાચાર્ય પંડિત અને ભગુભાઈ ગોવિંદલાલ શાહ એ બે હિંદુ સભ્યોએ આ ઠરાવનો વિરોધ કર્યો હતો. એ તો સમજાય છે, પણ આભડછેટ નાબૂદીના કાયદાનું સમર્થન કરતાં આ ઠરાવ અંગે અમદાવાદ મ્યુનિસિપાલિટીના છ મુસલમાન અને એક પારસી સભ્ય તટસ્થ રહ્યા હતા! વળી તટસ્થ રહેનારાઓ પૈકી ૩ તો સરકાર નિયુક્ત સભ્યો હતા.

એક મુસ્લિમ સભ્યે ઈ.સ. ૧૯૩૪માં અમદાવાદ મ્યુનિસિપાલિટીના નોકરવર્ગમાં મુસ્લિમોનું પ્રમાણ તેમની સંખ્યાના પ્રમાણમાં ન થાય ત્યાં સુધી ૫૦ ટકા અનામત મુસ્લિમો માટે રાખવાની દરખાસ્ત કરી હતી. એ સમયે તો આવો ઠરાવ ન થઈ શક્યો પછી ૧૯૪૨માં મ્યુનિસિપાલિટી બરતરફ થઈ પછી અમલી બનેલી મેનેજમેન્ટ કમિટીએ ૫૦ ટકા મુસ્લિમો, ૨૫ ટકા દલિતો અને ૨૫ ટકા બાકીનામાંથી ભરતી કરવા ઠરાવેલું. આઝાદી પછીના બીજા જ મહિને એટલે કે ૩૦-૧૦-૧૯૪૭ ના રોજ મ્યુનિસિપાલ બોર્ડે આ ઠરાવ રદ કરેલો!

અને હવે થોડી મારી વાતો :

અમદાવાદના (પૂર્વ અમદાવાદના - સાબરમતી નદી પછીના તળ અમદાવાદની પેલી મેરના અમદાવાદના) રાજપુર વિસ્તારની ચાલીમાં મારો જન્મ. ખાસ્સા ચાર દાયકા ત્યાં રહેવાનું થયું છે. આજે પણ ત્યાં ઘર છે અને અવારનવાર ત્યાં જવાનું થાય છે. મારું વીક એન્ડ મોટાભાગે ગાંધીનગરને બદલે અમદાવાદના ચાલીના ઘરમાં પસાર થાય છે. મારી ચાલીનું નામ અબુ કસાઈની ચાલી. અમદાવાદની ચાલીના નામો પણ બહુ રસપ્રદ છે. એના નામો મોટાભાગે એના માલિકોના નામ પરથી કે તેમની જાતિ પરથી પડ્યા છે. એટલે અમદાવાદમાં કસાઈની ચાલી છે, તો કડિયાની ચાલી છે. મોદીની ચાલી છે, તો ધોબીની ચાલી છે. જેઠીની ચાલી છે, તો રામીની ચાલી છે. નગરશેઠની ચાલી છે, તો નાણાવટીની ચાલી છે. દેવાજીની ચાલી છે, તો દોસ્ત મહંમદની ચાલી છે. નારણપીઠાની ચાલી છે, તો નાથુરામ દગડુની ચાલી છે. મેજિસ્ટ્રેટની ચાલી છે, તો જજસાહેબની ચાલી પણ છે. અને આ ચાલી એટલે કેવી? આજે તો ચાલીઓ ઘણી બદલાઈ છે. ઘણી સુવિદ્યાઓ આવી છે. પણ ગઈકાલના અમદાવાદની ચાલીનું વર્ણન દાદાસાહેબ માવલંકરના શબ્દોમાં જોઈએઃ ચાલ એવા પ્રકારની હતી કે એને ઓટલો નહોતો. એટલું જ નહીં પરંતુ ઓરડીની ભોંય, આજુબાજુની જમીન કરતાં દોઢ ફૂટ નીચી હતી. એટલે એમાં જવું એ એક ભોંયરામાં પેસવા જેવું હતું. એની બાંધણીમાં પાકી ઈંટો વપરાયેલી નહોતી પણ લોખંડના પતરાં વપરાયેલાં હતાં. આ પતરાં પણ ખીલા ઠોલીને બેસાડેલાં નહીં પણ લાકડાની વળીઓ સાથે બાંધીને ઊભાં જ કરેલાં હતાં. સાડા પાંચ ફૂટનો માણસ ટટ્ટાર ઊભો પણ ન રહી શકે એટલી આ ઓરડીની ઊંચાઈ હતી અને લાંબા પગ કરીને સૂઈ ન શકાય એટલી એની પહોળાઈ હતી. ચાલી માટે પાણીની ખાસ સગવડ નહોતી. જાજરૂ જે હતાં તે એટલાં થોડાં અને એવા ગંદા હતા કે આ પૃથ્વી ઉપર નર્ક લોકનું જો પ્રત્યક્ષ દર્શન કરવું હોય તો બીજે જવાની જરૂર નથી એમ લાગે. (પૃષ્ઠ : ૪૫૫)

આ સંદર્ભમાં એક આબાદ નિરીક્ષણ કે ટિપ્પણ જે કોઈ દલિત લેખક - કર્મશીલને સૂઝવું જોઈએ તે 'અમૃતા' ના જ નહીં 'કાચા સૂતરને તાંતણે'ના પણ લેખક રઘુવીર ચૌધરીને સૂઝ્યું છે. અમદાવાદના એક મોટા મિલમાલિક કસ્તૂરભાઈના દીકરા શ્રેણિકભાઈ કસ્તૂરભાઈને શ્રધ્ધાંજલિ આપતા લેખમાં જૂલાઈ ૨૦૧૪ના 'પરબ'માં રઘુવીરભાઈ લખે છેઃ ''ધર્મ અને શિક્ષણની ઉમદા સખાવતો સાથે મજૂરોના રહેઠાણ માટે કશુંક કરવું જોઈતું હતું. આટલા બધા ઉદાર અને શાણા, ધાર્મિક અને માનવતાવાદી મિલમાલિકો થઈ ગયા છતાં અમદાવાદ આટલું મેલું કેમ છે એ મને સમજાતું નથી.'' (પૃષ્ઠ : ૫૩)

હા, તો આવા મેલા અમદાવાદની એક ચાલીમાં મારા બાપ-દાદા આવી વસેલા. વસેલા નહીં એમણે જાતે જ ચાલીઓ, ઓરડીઓ બનાવેલી. -બાપા-ને હું પૂછતા કે તમે અમદાવાદ કેવી રીતે આવેલા? તો એમનો જવાબ હતો, 'ગાંડ ઘહણીયે'. મને આશ્ચર્ય થતું. એ વખતના ખેડા અને આજે આણંદ જિલ્લાનું અમારું ગામ, આજે અને એ વખતે પણ વતનથી અમદાવાદ આવવું હોય તો ખારી, મેશ્વો, વાત્રક અને શેઢી એ ચાર નદીઓ પસાર કરવી પડે. એટલી, નદીઓ પસાર કરવા સહિતનું અંતર કાપીને દલિતો કાં પગપાળા કે પછી ટ્રેનોમાં અમદાવાદ આવેલા. તે પછી જ્યાં પહેલુવહેલું શહેર જેવું, વસ્તી જેવું કંઈક દેખાયું હશે ત્યાં જ રહી પડેલા. એટલે જ આજે પણ ખેડા આણંદ-જિલ્લાના દલિતો મણિનગર, ખોખરા, રાજપુરમાં વધુ જોવા મળે, ધોળકા બાજુના બધા વેજલપુર વસી ગયા છે, તો દહેગામ બાજુના બધા નરોડા અને ઉત્તર ગુજરાતના દલિતો સાબરમતી, રાણીપ, ચાંદખેડા તરફ.

બાપાના બાપા મારા દાદાએ અમારી ચાલી ચણેલી. ઓરડી બનાવેલી. એ વખતે મિલોમાં માસ્તરો, મેમ્બરોનો ભારે કડપ. કામ શીખવાડતા અપમાનિત નહોતાં કરતાં, માર પણ મારતા. રાજપુરની જે ચાલીમાં હું જન્મ્યો, ઉછર્યો તે ચાલીમાં મોટેભાગે ખેડા જિલ્લાના ચરોતરના ચમારો વસે. આજુબાજુની સઘળી ચાલીઓમાં મોટાભાગે મહેસાણાના વણકરો વસે. અમારી ચાલી 'ચણોતરાની ચાલી' તરીકે જાણીતી.

શું ચમારો કે શું વણકરો સૌ કોઈ અહીં પેટનો ખાડો પૂરવા કે પછી ગામમાં સવર્ણોના ત્રાસ કે આભડછેટથી ત્રાસીને આવી વસેલા. ગઈ પેઢીના એકએક દલિત પાછળ સવર્ણોના ત્રાસની એકએક કહાની છુપાયેલી છે. પણ શહેરોમાં આવીને એમની દલિત બિરાદરી ન બની શકી. હા, વચમાં એક વાત એ ખાસ કરી દઉં કે આ સ્થળાંતરિત દલિતો ઉપરાંત અમદાવાદમાં મૂળગામી દલિતો પણ હતા. અમદાવાદમાં દલિતોના ૧૫ ગામ-મહોલ્લા કે વિસ્તારો હતા. અમારા રાજપુરમાં આવા બે મોટા વાસ, - મોટો વણકરવાસ અને નાનો વણકરવાસ છે.

હા, તો હું વાત કરતો હતો શહેરમાં આવી વસેલી દલિતોની એકતાની. એમની દલિત બિરાદરીની. બહુ નાનપણથી જ ભેદભાવના જુદા હોવા, નીચા હોવાના, પેલાવાળાથી ડરવાના પાઠ હું શીખ્યો હતો. અમે ચરોતરના એટલે અમને 'ચણોતરા' કહેવાતાં તો અમે અમારી આસપાસના મહેસાણાના વણકરોને 'પાટણવાડિયા' કહેતા. આજે પરંપરાગત અર્થમાં જેને આભડછેટ કહીએ છીએ એવું તો કશું નહીં પણ જુદાપણું ભારોભાર. સમાજશાસ્ત્રી શ્રીનિવાસનની સંસ્કૃતિકરણની થિયરી અહીં સાવ જ ઉલટી જોવા મળે. જે લોકો ગામડાંની ગરીબી, આભડછેટ, અત્યાચાર, શોષણ સહીને અહીં આવી વસેલા એ જ બીજાને નીચા ગણે, હલકા ગણે અને અત્યાચાર કરે. જાતિગત

નહીં તો ભૌગોલિક જુદાપણું, તમે 'પાટણવાડિયા' અને અમે 'ચરોતરા'. દબંગઈ તો એટલી હદની કે વાતેવાતે ગાળાગાળી અને મારામારી થાય.

'મેયર્સ બંગલો'ના મારા આત્મકથનાત્મક લેખમાં મેં લખ્યું છે એમ અમારી ચાલીના જાજરૂ નહીં એટલે બાજુની હીરાલાલની ચાલીના જાજરૂમાં જવું પડે. એનો ભારે ત્રાસ. 'ચણોતરા' કહી ચીડવે, અડધા જાજરૂ ગયે ઊઠી જવું પડે કે જાજરૂની લાઈનમાં નંબર આવે અને કોઈ પાટણવાડિયો આવી ચડે તો ઊભા રહી એને જ જવા દેવો પડે. ચાલીના નળે કોઈ ચણોતરી (ચમાર સ્ત્રી) પીવાનું પાણી ભરતી હોય તો એના ઉપરથી કોઈ દબંગ વણકર જાજરૂ જવાનું ચંબુ ધરાર ભરે જ ભરે. એક દશ્ય તો મને બરાબર આજેય યાદ આવે છે. અમારી ચાલીમાં પહેલું ઘર બાલા ઢેડનું. ખેડા જિલ્લાના વણકર, પણ 'ચરોતર'ના એટલે પાટણવાડિયા માટે એ 'ચણોતરા'. એમના છાપરામાં (નાના કાચા ઝૂંપડાને છાપરું કહેવાય છે.) નેનો મારાજ નામે એક દલિતોના ગરોડા બ્રાહ્મણ કહે. મિલમાં નોકરી કરતા નેનો મારાજ સાંજ પડે ફૂટપાથ પર ખાટલો નાંખી બેસે ત્યારે એમનો સાવ જ બાદશાહ જેવો રૂઆબ. એ સમયે અને હંમેશાં જો અમારી ચાલીનું કૂતરું પણ બહાર ભસતું ભસતું આવે તો નેનો મારાજ છૂટું લાકડું ફેંકે અને ત્રાડ પાડી ઉઠે : ''મોંય પેહ, મોંય..'' ભાઈ માર્ટિન મેકવાને એમના અસ્પૃશ્યતા વિશેના બૃહદ અભ્યાસમાં દલિત-બિનદલિત વિશેની ૯૮ પ્રકારની અને દલિતો-દલિતોની માંહોમાંહેની (અંદરોઅંદરની) ૯૯ પ્રકારની આભડછેટ ખોળી છે. પણ મારે મારી આ આભડછેટને, એના સ્વરૂપને, ક્યાં મૂકવી? હવે તો ચણોતરાની ચાલી વેરવિખેર થઈ ગઈ છે. રાજપુર પોતે પણ તૂટતુ રહ્યું છે, છતાં પેલી ભેદભાવની દીવાલો તૂટતી નથી. દલિત બિરાદરી બનતી નથી. આ વખતની દિવાળી પહેલાં રાજપુર જવાનું થયું ત્યારે માએ ભારે નિરાશા સાથે કહેલું, ''આપણું એક ઘર વે'ચઈ જ્યુ. અંબાલાલે ઘર વેચી નાંચ્છ્યું. દલાભાઈને આલ્યું. ચાલીના ચાર મોખરા સાચવતાં ચાર જ ઘર આપણાં હતાં. અવ તંયણ જ રયાં.

આ રાજપુરમાં દલિતો જ રહે છે એવું નથી. ૧૯૮૧-૮૫ના અનામત વિરોધી રમખાણો પૂર્વે કે ૧૯૯૨ના બાબરી ધ્વંસના કોમી રમખાણો પૂર્વે રાજપુરની ચાલીમાં સવર્ણો પણ રહેતા હતા અને મુસ્લિમો પણ રહેતા. આ રાજપુરમાં જૈનો, હા, જૈનો વસતા હતા. ચાલીમાં એમની કરિયાણાની દુકાનો અને ઘર પણ હતા. મારા ઘરની સહિયારી પછીત જ મુસ્લિમ પાડોશીની. બરકત બીબી, જમાદાર અને એમના જવાન દીકરા. કોમી રમખાણો પછી એ ઘર વેચી ગયા. તો મરિયમ માસી પણ જીંજર જઈ વસ્યાં છે.

રાજપુરમાં મને એક વાતનું બહુ આશ્ચર્ય. અહીં કરિયાણાની દુકાનો કરતાં સોના-ચાંદીની દુકાનો વધારે હતી. તે એટલી હદ સુધીની કે દલિત પેન્થરના 'પેન્થર' માસિકના પ્રથમ અંકમાં રાજપુરના એક સોના-ચાંદીના વેપારીની જાહેરાત છે! જરા વિરોધાભાસી કે વિચિત્ર લાગે પણ પેન્થરના અંકમાં પાને પાને 'હલ્લા બોલ'ના સૂત્રો છેઃ મૂડીવાદ પે હલ્લા બોલ, શોષણખોર પે હલ્લા બોલ અને એમાં સોના-ચાંદીના વેપારી, રાજપુરની ચાલીના સોના-ચાંદીના વેપારીની, જાહેરાતો છે. મોટપણે પછી સમજાયું કે અહી સોના-ચાંદીના દાગીના ન બનાવાય છે, ખરીદાય છે કે વેચાય છે. પણ નાણાંની ધીરધારનો, શરાફનો ધંધો ચાલે છે.

અડવાની આભડછેટ એટલે શું એનો એક ભારોભાર અનુભવ પણ મને રાજપુરમાં જ થયેલો છે. એકવાર નહીં, વારંવાર. ગભરાશો નહીં મને ખુદને કોઈ અડતાં અભડાતું નહીં, પણ જેને અડતાં અભડાવાતું એને વારંવાર અડવાનો આ તો અનુભવ છે.

જરા ચોખ્ખી વાત કરું? અમારા રાજપુરમાં, મારી ચાલીની બાજુમાં જેઠીબાઈની ચાલી, ને તેની સામે મનસુરીની ચાલી. આ ચાલીમાં ઉત્તર ભારતના કેટલાંક કુટુંબો રહે. અહીં ઉત્તરપ્રદેશના એક બ્રાહ્મણ પંડિતનું કુટુંબ પણ રહે. પંડિતજી રોજ સવારે ઉઠીને રાજપુરની છેવાડે આવેલા ગોમતીપુર ગામના સવર્ણોના મહાદેવના મંદિરે, જાગનાથ મહાદેવે, પૂજા કરવા જાય. અબોટિયું પહેરી, હાથમાં કળશ અને પૂજાનો સામાન લઈ ચાલતા આ પંડિતજીને રાજપુરના દલિત છોકરાઓ અચૂક અડી લે. એટલે પંડિત ઘરે પાછા જાય. ફરી ન્હાય ને ફરી પૂજા કરવા નીકળે. પેલા અડીને પંડિતને અભડાવનારા દલિતો થાક્યા કે વારંવાર અભડાઈને નાહી નાંખતા પંડિત થાક્યા એ તો ખબર નથી. હવે એ પંડિત કૈલાસવાસી છે કે સાકેતવાસી એ પણ ખબર નથી, પણ આ જોણું રોજનું હતું. જો કે અડવાણા પગે જ દેરાસર જતા કોઈ જૈનને દલિતો આ રીતે પજવતા હોય, એવું મારા સ્મરણમાં એકેય દશ્ય નથી. હા, એ તો અન્નદાતા હતા ને.. નાણાંય ધીરતા અને અનાજે ય ઉધાર આપતા.

આ રાજપુર, મારી જન્મ અને કર્મભૂમિ. રાજપુર મારી સામાજિક-સાંસ્કૃતિક-સાહિત્યિક અને સવિશેષ રાજકીય પ્રયોગશાળા. રાજપુરમાં કેટકેટલા પ્રયોગો થતા જોયા છે. અહીં ડાબેરીઓ છે તો દલિત પેન્થરો પણ છે. જરી આકરી લાગે એવી વાત કરું? આ રાજપુરમાં કર્દમ અને અશ્વિન કર્દમ ભટ્ટ અને અશ્વિન દેસાઈ એ બે ડાબેરી કાર્યકરો, સીપીઆઈએમએલના ગુજરાતના સ્થાપક સભ્યો તો ભાડે આવીને વસેલા. એમણે રાજપુરમાં કશી ક્રાંતિ કરી હોય એવું એમના એક મિત્ર તરીકે અને એ વિસ્તારના રહીશ તરીકે મને યાદ નથી. પણ આજ રાજપુરના બે દલિત યુવાનો, આઈ રિપિટ, બે જન્મે દલિત યુવાનોએ, અમદાવાદના પોલીસ કમિશનરની કચેરીએ ન ભૂતો ન ભવિષ્યતિ એવા નકસલવાદના પોસ્ટરો ચોંટાડ્યા હતા. મારી કિશોરાવસ્થામાં મારા જેવા અનેકના એ હીરો હતા. પણ અહીં જ 'દલિત બિરાદરી' વિકસી શકી નથી.

મિત્ર સંજય ભાવેએ, પ્રોફેસર સંજય શ્રીપાદ ભાવેએ પુણે યુનિવર્સિટીના નામ-વિસ્તાર અને એના સાવિત્રીબાઈ ફુલે, પૂણે યુનિવર્સિટી થવા સંદર્ભે અગ્રણી દલિત લેખક અને તંત્રી-પત્રકાર ઉત્તમ કાંબળેના 'સકાળ'માં પ્રકટ એક લેખ તરફ આપણાં સૌનું ધ્યાન દોર્યું છે. ઉત્તમ કાંબળેએ લેખનું મુખડું કંઈક આમ બાંધ્યું છે : એક માધ્યમિક શાળામાં કોઈ કાર્યક્રમમાં એ ગયા છે. આઠમી-નવમીમાં ભણતી એક કિશોરી ઉત્તમ કાંબળેના ઓટોગ્રાફ માંગે છે. લેખક તેને અમસ્તા જ પૂછી બેસે છે, 'તને નિશાળમાં પહેલાં દિવસે કોણ બેસાડવા આવેલુ?' આ પ્રશ્નનો સહજ જવાબ તો હોય મા-બાપ, દાદા-દાદી, કાકા-કાકી કે માસા-માસી. પણ પેલી કિશોરીનો જવાબ હતો, 'સર મને નિશાળમાં પહેલા દિવસે સાવિત્રીબાઈ મૂકવા આવેલા.'

મારા બાપા માંડ બે-ચાર ચોપડી ભણેલા. એ કહેતા સયાજીરાવે, વડોદરાના સુધારાવાદી, અસ્પૃશ્યતા વિરોધી મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે, અસ્પૃશ્યો માટેની નિશાળો તો ખોલેલી પણ બ્રાહ્મણ શિક્ષકોએ અંત્યજોને ભણાવવાને બદલે નોકરીઓ છોડી દીધેલી. એટલે બ્રાહ્મણોને બદલે, સવર્ણ શિક્ષકોને બદલે, દલિતોની પહેલી પેઢી મુસલમાન કે ખ્રિસ્તી શિક્ષકોના ભણાવ્યે ભણી છે.

પણ અમારા રાજપુરમાં આ કામ એક પટેલે કર્યું છે એવું જો તમને કહું

તો તમે માનશો? રાજપુરમાં એક પૂંજાલાલ પટેલની નિશાળ હતી. દલિત બાળકોને એ ઘેર ઘેર ફરીને પોતાની નિશાળે લાવતા. પોતાની સાઈકલ પર બેસાડીને એક જ સાયકલ પર પાંચ-સાત દલિત બાળકોને બેસાડીને ચાલુ સાઈકલે પેડલ મારતા જાય અને એમને બચીઓ કરતા જાય. એવા પૂંજાલાલ પટેલને જેમણે જોયા છે, એ ધન્ય છે. આ પૂંજાલાલના બાલમંદિરમાં, પૂંજાલાલના હાથે ભણેલા, કેટકેટલા દલિત છોકરાઓ આજે પણ સારી સારી સરકારી નોકરીએ વળગ્યા છે. પણ દલિતોની વર્તમાન પેઢીને જો પૂંજાલાલ પટેલની નિશાળનો જ ખ્યાલ નથી તો પછી સયાજીરાવની અંત્યજ શાળા, મુસ્લિમ અને ખ્રિસ્તી શિક્ષકના હાથે ભણેલા એના કાકા-બાપાનો તો ક્યાંથી ખ્યાલ હોય.

અહીં મજૂર મહાજન હતું અને જ્યોતિ સંઘ હતું. પરીક્ષિતલાલ મજમુદાર અને રવિશંકર મહારાજ રાજપુરમાં આવતા. તો ઉમાશંકર જોશી, ઈશ્વર પેટલીકર, દિનકર મહેતા, એસ. આર. ભટ્ટ, પુરુષોત્તમ માવળંકરને પણ મેં રાજપુરની સડકસભામાં સાંભળ્યા છે. જ્યોતિસંઘનું બાળકેન્દ્ર, આંગણવાડી, સિવણ ક્લાસ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તો યુનિયન ઉપરાંતની મહાજનની પ્રવૃત્તિઓ. ખાસ કરીને વાંચનાલય એ જાણે કે ગઈ સદીઓની વાતો બની રહી છે.

આજના અમદાવાદમાં આભડછેટ છે..? કોઈ કહેશે કે દલિતને સવર્ણ વિસ્તારમાં રહેવા ઘર નથી મળતું. જો મારી વાત સાચી ન લાગતી હોય તો ઈન્કમટેક્ષ પછીનો ગાંધી પુલ ઉતરીને અમર બાવળિયાથી આગળના શાહપુર વિસ્તારની પોળોના નાકે લાગેલા પેલા બોર્ડ વાંચી લેજો. ભાઈ બિનીત મોદીએ તો એની તસ્વીરો પણ પાડી છે. એ પોળોના નાકે પોળના જ્ઞાતિપંચના નામે સ્પષ્ટ સૂચના લખી છે કે કોઈ નીચલી વરણના, હલકી વરણના લોકને મકાન વેચવું નહીં અને આજ અમદાવાદમાં વીસમી સદીના પહેલા દાયકે એક સવર્ણ, બ્રહ્મક્ષત્રિય બ્રાહ્મણ, નામે પ્રિયતમરાય દેસાઈએ દલિતોની પહેલી હાઉસીંગ સોસાયટી બાંધેલી, જે આજેય અમદાવાદના ગિરધરનગર વિસ્તારમાં પ્રિતમપુરા સોસાયટી તરીકે ઉભી છે એવું જો સંભારું તો તમને કેવું લાગશે ? અને આ જ અમદાવાદમાં વીસમી સદીના પહેલા દાયકે એક સવર્ણ, બ્રહ્મક્ષત્રિય બ્રાહ્મણ, નામે પ્રિતમરાય દેસાઈએ દલિતોની પહેલી હાઉસિંગ સોસાયટી બાંધેલી, જે આજેય અમદાવાદના ગિરધરનગર વિસ્તારમાં પ્રિતમપુરા સોસાયટી તરીકે ઉભી છે એવું જો સંભારું તો તમને કેવું લાગશે ?

અમદાવાદમાં આભડછેટનું એક ક્લાસિક ઉદાહરણ જાણવું છે. અસ્પૃશ્યતા નાબૂદી ધારામાં કોઈ દલિતને જાતિસૂચક નામે બોલાવવા કે અન્ય પ્રકારના અત્યાચાર અંગે સજાની જોગવાઈ છે. આ કાયદા હેઠળ દર ત્રણ મહિને સમીક્ષા બેઠક બોલાવવાની હોય છે. અમદાવાદ શહેરમાં, અમદાવાદ શહેરના પોલીસ કમિશનરની હકુમત હેઠળના પોલીસ સ્ટેશનોની સમીક્ષા બેઠકમાં, એ વાત ઘણીવાર ઉજાગર થઈ છે કે અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં, હા, હું આંબાવાડીમાં નહીં, અમરાઈવાડી કહું છું, દલિત અત્યાચાર પ્રતિબંધક ધારા હેઠળ સૌથી વધુ ફરિયાદો નોંધાય છે. હવે આ અમરાઈવાડી વિસ્તારમાં દલિતો બહુમતીમાં છે. દલિતોની માંહોમાંહની આભડછેટની આ કાયદામાં કશી જોગવાઈ નથી. તો પછી આભડછેટ અને અત્યાચારના સૌથી વધુ કેસો અમદાવાદના નામચીન બની બેઠેલા અમરાઈવાડી વિસ્તારમાં કેમ નોંધાતા હશે..? જરા વિચારજો અને જવાબ જડે તો મને કહેજો.

હરિકથા અનંતા જેવું છે આ આભડછેટની કથાનું તો. ક્યાંક તો અટકવું પડે એટલે બે નાનકડી વાતો નોંધીને મારી વાત સમેટું.

ભાનુભાઈ અધ્વર્યુએ 'રુદ્રવીણાના ઝંકાર'માં મરાઠાવાડા યુનિવર્સિટીના નામાંતરનો પ્રશ્ન વિવાદમાં હતા એ વખતની એમની ઓરંગાબાદની મુલાકાત અંગે લેખ કર્યો છે. ભાનુભાઈ લખે છેઃ ગોષ્ઠીની બેઠકોના વચ્ચેના ગાળામાં અમે નજીકની હોટલમાં વારંવાર ચા-પાણી માટે જતાં. ગલ્લા પર બેઠેલો હોટલ માલિક ગ્રાહકો સાથે ઢગલો મરાઠી છાપાઓના પાનાં ઉથલાવતો, દેશ-પરદેશના બનાવો અંગે ચર્ચા કરતો હોય. અમે એક વખત એની આગળ નામાંતરનો પ્રશ્ન ઉખેળ્યો. બંને ગાલોફા વચ્ચે દબાવેલા પાનને સાચવતાં તેણે ઔરંગાબાદના વિકાસમાં બાબાસાહેબના પ્રદાનને સ્વીકારતા, મરાઠાવાડા યુનિવર્સિટી સાથે ડૉ. આંબેડકરનું નામ જોડાય તો મરાઠાવાડાની અસ્મિતાને ઠેસ પહોંચે એટલે નામાંતરનો વિરોધ કરતાં યુનિવર્સિટીને બદલે શહેર આખાનું નામ ઔરંગાબાદને બદલે ભીમરાવનગર રાખવા સૂચવ્યું. એની આ ઉદાર દરખાસ્તનો ઘટસ્ફોટ કરતાં તેની નજીક બેઠેલા ગ્રાહકે તરત જ જણાવ્યું કે, અમારા શહેર સાથે કોઈ મિયાંભાઈનું નામ જોડાયેલું હોય તેના કરતાં ભીમરાવનું નામ હોય તો વધારે સારું.

આવો એક બીજો પ્રસંગ, દિલીપભાઈએ, આજે દિલીપ ચંદુલાલ તરીકે જાણીતા વડીલ મિત્રએ, મને લખેલો જાહેર પત્ર, જે 'અનામતની આંધી' માં છપાયો છે તે યાદ કરું. દિલીપભાઈએ અનામત રોસ્ટર વિરોધી રમખાણો પછી પોતાની બ્રાહ્મણ જાતિ સૂચક 'ત્રિવેદી' અટક છોડી દીધી છે અને હવે દિલીપ ચંદુલાલ તરીકે જ ઓળખાય છે. તેમણે લખ્યુ હતુંઃ એક સવર્ણ મિત્રએ દલિતો પોતાની અટકો બદલે છે, તેનો ઉપાલંભ કરતાં સૂચન કર્યું. કે આપણામાંના કોઈકે આપણી અટક બદલીને 'ઢેડ' રાખવી જોઈએ. એટલે અટકથી બોલાવવાનો જ્યાં ચાલ છે, ત્યાં 'શ્રી ઢેડ' કે 'ઢેડભાઈ' કહીને આપણને બોલાવવામાં આવે. એટલે 'ઢેડ' શબ્દ ઉચ્ચારવાથી થતી કાયદાકીય સજાની સંભવિતતામાંથી બચી જવાશે અને 'ઢેડ' શબ્દ પાછો અમલી બનાવી શકાશે.

ઔરંગાબાદનો પેલો મરાઠા હોટલ માલિક અને અમદાવાદ-ગાંધીનગરના પેલો બ્રાહ્મણ જે હિંદુ સંકુચિતતા ધરાવે છે, જે ધર્મભેદ અને જાતિભેદને પોષતી માનસિકતા ધરાવે છે. ત્યાં સુધી નવા રૂપે, નવા રંગે અહમદશાહના અમદાવાદમાં, સફાઈ કામને આધ્યાત્મિક અનુભવ લેખાવતા નરેન્દ્ર મોદીના કર્ણાવતીમાં, આભડછેટ અજરાઅમર રહેવાની છે.

જોસેફ મેકવાન 'આંગળિયાત'માં લખે છેઃ ''વાતોય ખાસ્સી મનમેળાપીપણાથી થાય, પણ તન ના હેળવાય.'' ડૉ. આંબેડકરે આઝાદી પછીના વરસોમાં જ્યારે આભડછેટ નાબૂદીનો કાયદો બનવાનો હતો ત્યારે એ કાયદાના નામકરણનો જ વિરોધ કર્યો હતો. તેમણે કહેલું કે હવે એક નાગરિક, એક મત, એક મૂલ્યનું સમતાવાદી બંધારણ અસ્તિત્વમાં છે. દેશમાં ન કોઈ સ્પૃશ્ય છે કે ન અસ્પૃશ્ય છે. સૌ નાગરિક છે. એટલે આ કાયદાનું નામ 'અસ્પૃશ્યતા નાબૂદી ધારો' નહી પણ 'નાગરિક હક સંરક્ષણ ધારો' રાખવું જોઈએ અને સરકારે એ વાત સ્વીકારી હતી. 'અપના અડ્ડા'ના આપણે સૌ અમદાવાદના નાગરિકોએ મનના મેળાપીપણાથી અને તન પણ હેળવાય તેવી નાગરિક્તાના પાઠ શીખવા અને શીખવાડવા જોઈએ એવી આશા સાથે મારી વાત પૂર્ણ કરું છું.

(ગુજરાત-મુંબઈ રેશનાલિસ્ટ એસોસિએશન પ્રેરિત અને સમર્પિત યુવાનો માટેના રેશનલ પ્રવૃત્તિ જૂથ 'અપના અડ્ડા' અને 'મુવમેન્ટ ફૉર સેક્યુલર ડેમોક્રસી'ની ચર્ચામાં બોલાયેલું, સુધારા-વધારા સાથે)

# કડવો રોટલો

દલિત વાર્તા

પ્રવીણ ગઢવી

હીનાનો ભરુચથી રાત્રે ફોન આવ્યો.'મમ્મા, પેટમાં બહુ દુઃખે છે. રહેવાતું નથી, સહેવાતું નથી. પેટમાં પાણી પણ ટકતું નથી અને ઉલટી ઉપર ઉલટી થયા કરે છે.

'તો બેટા ટેક્ષી કરીને અહીં આવતાં રહો.' એણે કહયું.

ગઈરાત્રે પણ ફોન હતો. ત્યારે હિનાની મમ્મીએ કહેલું.'બેટા, ગુડન્યૂઝ હોય તો ય પેટમાં દુઃખે.'

' ના, મમ્મી, આ તો કંઈક બીજો જ દુઃખાવો છે. ડૉક્ટર ત્રણ દિવસથી પેઈન કીલર આપે છે,પરંતુ અસર ઓછી થતાં જ દુઃખાવો અસહય લાગે છે.'

એ ચિંતામાં પડી ગયો એને તરત જઠર આંતરડાના કેન્સરના વિચાર આવ્યો. એને ગભરામણ થઈ આવી. આજકાલ કેન્સરની કયાં નવાઈ છે ? સાજોસમો માણસ મહિના બે મહિનામાં તો પૂરો થઈ જાય છે.ખોરાક અને હવા એટલાં પ્રદૂષિત છે કે ટાઢિયા તાવની જેમ ઠેર ઠેર કેન્સર થાય છે. ડૉક્ટરો કહે છે તમાકુથી કેન્સર થાય એને પણ માવામસાલાની ટેવ. કેટલીય વાર ડૉક્ટરોની બીકથી, મંદાની બીકથી પાન મસાલા છોડયા ને પાછા મહિને બે મહિને શરૂ થયા. ઑફિસમાં માવામસાલા વગર કામ કરવાનો મૂડ જ ન આવે. હવે રિટાયર થયા ત્યારે મંદાએ પાછો મસલો છોડાવ્યો છે.

પરંતુ સ્ત્રીઓ બિચારી કયાં તમાકુ ખાય છે ? તો ય એમને બ્રેસ્ટ કેન્સર કેમ થાય છે ? એને સમજાતું નથી.

'પેટનું કેન્સર તો હિનાને નહિં હોય ?' મંદાને પણ એ જ વિચાર આવ્યો.

' ભગવાન જાણે ને ડોકટર જાણે' પ્રકાશે નિસો નાંખ્યો.

'કયા ડોકટરને ત્યાં લઈ જશું ?' મંદાએ પૂછયું.

'કોક ગેસ્ટ્રોલોજિસ્ટ પાસે જવું પડશે.'

' કેમ છો ? માં પૂછોને !' મંદા મોબાઈલમાં માહેર થઈ ગઈ હતી, ફકત મેટ્રિક પાસ પછી વોટસઅપ, ઈન્ટરનેટ, ગુગલ એવું બધું આવડે.

' કેમ છો'માં પૂછી ડો. ઠકકરનું નામ શોધી કાઢયું. આખી રાત જાગતાં બેસી રહયા ત્યારે સવારે ચાર વાગે ટેક્ષીમાં હિના અને ગૌતમકુમાર આવ્યાં. હિના તો બેવડ વળી જઈ ચીસો પાડતી હતી.

'મમ્મા, મારાથી રહેવાતું નથી, સહેવાતું નથી.'

'બેટા હમણાં મટી જશે.' મંદાએ એને બાથમાં લઈ બરડે હાથ ફેરવી આશ્વાસન આપ્યું.

'પંદર દિવસથી આવું ચાલતું હતું. ત્યાંના લોકલ ડૉક્ટરની દવા લીધી તો એ કહે કે એપેન્ડિસાઈટિસ તો નથી પણ ગેસ્ટ્રબલ છે એટલે પેઈન કિલર રાખ્યા કરતા હતા. આજે તો અસહય થઈ ગયુ.' ગૌતમકુમાર વાતે વળગ્યા.

'સારું કર્યુ તમે આવી ગયા. નાના ટાઉનમાં અમદાવાદની જેમ સર્વિસ ન મળે. અહીં ડૉ. કકકડ સારા ગેસ્ટ્રોલોસ્જિસ્ટ છે. તેમના દવાખાને જ દાખલ કરાવી દઈશું.' પ્રકાશે ગાડીની ચાવી લીધી.

ડૉકટર કકકડ રાત્રે તો હોસ્પિટલમાં ન હોય. નર્સિંગ સ્ટાફે દવાઓ આપી. હિનાને ઘેન ચઢયું અને સૂઈ ગઈ.

સવારે ડૉકટરે આવીને હિનાને તપાસી. કહે, 'એને આંતરડામાં આંટી પડી ગઈ છે. ઓપરેશન કરીને જ એ સરખી કરી શકાય.'

'આપને ઠીક લાગે તે કરો, સાહેબ !' મંદાએ હાથ જોડયા.

'પચાસ હજાર જમા કરાવો.' ડૉકટરે તરતજ ધંધાની વાત કરી.

પ્રકાશ એટીએમમાંથી તાત્કાલિક પૈસા લઈ આવ્યો અને જમા કરાવ્યા.

હિનાને ઓપરેશન થિયેટરમાં લીધી.

પ્રકાશ અને મંદાના જીવતો ઊંચા થઈ ગયા જ. પણ શું થાય ? 'આજકાલ ઓપરેશનની કયાં નવાઈ છે ? ડોકટરો વાત વાતમાં ઓપરેશનની વાત કરે છે. હાલતા ચાલતાં ઓપરેશન. વિસનગરના એક ડૉક્ટરે તો તમામ પટેલોનાં એપેન્ડિસાઈટિસનાં ઓપરેશન કરી નાંખેલાં ! પેટમાં જરા દુઃખ્યું કે ઓપરેશન !'

'આજકાલ સિઝેરિયન ઓપરેશન પણ કેટલાં થાય છે ?' બંને વાતે વળગ્યાં.

'હા, ડૉકટરો છેલ્લી ઘડીએ માબાપને કહે, સિઝેરિયન કરીશું તો જ તમારી દીકરી બચશે, પછી માબાપ બિચારાં જમાઈ અને સાસરિયાંની હાજરીમાં શું બોલે ?'

'અને આજકાલની છોકરીઓ ય એવી. પ્રસૂતિની પીડા સહન કરવી જ નથી. ઓપરેશન કરો એટલે પાર આવે.' પ્રકાશે સંમતિ આપી.

'ડોકટરોને ઘી કેળા !' મંદા હસી.

થોડીવાર હાથમાં ગ્લોઝ પહેરી ડોકટર બહાર આવ્યા. પાછળ નર્સો.

'ઓપરેશન ઓવર. સકસેસફૂલ.'આંતરડાની ગૂંચ હતી, તે કાઢી નાંખી અને બે આંતરડાં સાંધી દીધાં. બે દિવસ રાખવા પડશે. સ્પે. વોર્ડમાં રાખું?'

'હા, હા, સાહેબ, કશો વાંધો નહિં.'

'બે દિવસના છ હજાર થશે.' ડૉકટર જાણે હોસ્પિટલ નહિ, હોટલ ચલાવતા હોય એમ બોલ્યા.

'ઓકે, ઓકે. સર.'

'કાઉન્ટર પરથી રિસિપ્ટ મેળવી લેજો.' કહી ડોકટર ચાલતા થયા.

'આ ડૉકટર પૈસા પહેલાં ભરાવે છે.' મંદા બબડી.

'શું થાય ? વૈદ, વકીલને વેશ્યા કોઈનું ઉધાર રાખે ના !' બોલતો પ્રકાશ કાઉન્ટર તરફ ગયો.

એક દિવસ તો હિના બેભાન જેવી રહી, પરંતુ બીજે દિવસે પાછી અસહય પીડા ઊપડી. ડૉકટરને ફરિયાદ કરી.

'તમારી દીકરીને પહેલાં ટી.બી. થયેલો ?'

' હા, હતો.'

'એટલે જ કોમ્પ્લીકેશન થાય છે.' ડોકટર બબડયા.

પ્રકાશને હિનાની જિંદગીના એ ગોઝારા દિવસો યાદ આવ્યા. પ્રકાશ અને મંદા બંનેની હાઈટ ઓછી, એટલે આ છેલ્લી દિકરી હિનાની હાઈટ ખૂબ ઓછી.પાછી ચમેલીની વેલ જેવી દુબળીપાતળી. નાતપરગણામાં ખૂબ પ્રયત્ન કર્યા, પણ કયાંય મેળ ન પડયો.

ત્યાં પરગણા બહારનો પરંતુ નાતનો એક ગરીબ કુટુંબનો છોકરો મળી આવ્યો. એ તો ઊંચો ગોરો હતો પણ દુબળો. દાંત થોડા આગળ, પણ ચાલે.

વળી પ્રકાશને થતું. ગરીબ કુટુંબ છે એટલે નરમાશમાં રહેશે. દીકરી

સુખમાં રહેશે.

જમાઈ કશું કરતો ન હોતો. 'પણ એને તો કયાંય પાંચ દશ હજારની નોકરીમાં શોપિંગ મોલમાં ગોઠવી દઈશું.' પ્રકાશે મંદાને ધરપત આપી.

ધામધૂમથી જ્ઞાતિના રીત રિવાજ મુજબ લગ્ન લીધાં. આજુબાજુના પડોશીને પણ ભારપૂર્વક નિમંત્રણ આપ્યું.

હાઉસિંગ બોર્ડનું મકાન એને ડ્રોમાં મળ્યું હતું. એટલે એમાં નાતજાતના ભેદભાવ સરકારે રાખ્યા નહોતા. એના આડોશીપડોશી પટેલ હતા પણ સૌ સૌના ઘેર. હેલો હાઉ થાય. બીજા કોઈ વહેવાર નહિ. નાતજાત પૂછવાનો તો ગુજરાતમાં રિવાજ. કયાંના ? કેવા ? પુરાણી અટક એટલે તરત પૂછયું, 'તમે બ્રાહ્મણ? નાગર કે ઔદિચ્ય?' પ્રકાશે સાચું જ કહી દીધું 'અમે બ્રાહ્મણ ખરા પણ બી.સી.ના' વાત પતી જાન છૂટી.

બધા આવ્યા ખરા, પણ ચાંદલો કરીને જતા રહયા. કોઈ જમ્યા નહિ.'હવે આવું પંજાબી તો પચતું જ નથી.'

'હું તો ભાખરીને દૂધ જ ખાઉ છું.'

'આજે મારે અગ્યિારશ છે.'

'આજે તો લગ્નોનો રાફડો ફાટયો છે. મારે હજી બે લગ્નો એટેન્ડ કરવાનાં છે.' એવું બધું સમજાવી પાડોશી સૌ નીકળી ગયા.

'ઠીક છે કંઈ વાંધો નહિ. આવ્યા તેનો ઉપકાર ખાવું ન ખાવું સૌના મનની. મરજીની વાત છે.' પ્રકાશે મંદાને સાંત્વના આપી.

લગ્નનાં બે વર્ષમાં જમાઈને બે ચાર જગ્યાએ કંપનીમાં રખાવ્યો પણ ટકે જ નહિ. વારંવાર તાવ, ઉધરસ, શરદી રહયા કરે. છેલ્લે તો મિનિસ્ટ્રીમાં ટાંપાં ટૈયાં માટે ગોઠવ્યા. અને ઘરે રાખ્યો તો ય ન ટકયા.

આખરે હિના કંટાળી. થાકી. એક દિવસ પ્રકાશના ખભે માથું મૂકી ફાટફાટ રોઈ. 'પપ્પા, મને આ દોજખમાંથી છોડાવો.'

'કેમ બેટા ?'

'કામ ધંધો કરે નહિ ને...'

'કહી દે ને પપ્પાને સાચે સાચું.' મંદાએ આવીને હીનાના બરડે હાથ ફેરવ્યો.

'એમના શ્વાસમાંથી માથું ફાટી જાય તેવી દુર્ગંધ આવે છે.'

'છૂટું કરાવી દો. એને ટી.બી. છે.'

પ્રકાશે નાતના મોવડી ભેગા કરી નાતના બંધારણ પ્રકાણે દશ હજાર દંડ ભરી હિનાને છોડાવી. જાણે કસાઈખાનાથી ગાય છોડાવી.

'સાચી કહેવત છે, દીકરીને ગાય દોરે ત્યાં જાય.'

એકાદ વર્ષ પછી પાછું માગું આવ્યું. બીજવર હતો પરંતુ સંતાન હતું તે લઈને ઘરવાળી ગયેલી એટલે છડેછડા હતો.પ્રકાશને પસંદ પડયો, પછી હિનાને બતાવ્યો. હિનાને ગમ્યો.

હિના જાણે કુંડામાં વાવેલી મધુમાલતી હતી પણ ટેકા વગર રઝળતી હતી, હિઝરાતી હતી. નવો ટેકો મળ્યો કે તરત એ પાંગરી.

પ્રકાશ અને મંદા પરથી ભાર ઉતર્યો ત્યાં આ ઉપાધિ આવી. 'એ સડેલાનોજ ટી.બી. છોકરીને વળગ્યો.' મંદા રડવા લાગી.

હિનાની તબિયતમાં સુધારો ન જ થયો . આખરે ડોકટર કકકડે હાથ ઊંચા કરી દીધા. ' કેસ કોમ્પ્લીકેટેડ છે . એને એપોલો કે સિમ્સમાં લઈ જાઓ.'

'એમ્બ્યુલન્સ મંગાવી સિમ્સમાં પહોચ્યા. ફાઈવ સ્ટાર હોટલ જેવી ભવ્ય હોસ્પિટલ. વચ્ચેના ખુલ્લા પ્રાંગણમાં ફુવારો અને ગણપતિની ભવ્ય મૂર્તિ. ચોતરફ વાકયો લખેલાં 'ગોડ ઈઝ ગ્રેટ' સાચી વાત, ડોકટરો કરતાં ભગવાન મહાન છે. એ જ જીવાડે છે અને મારે છે. ડોકટરો પાસે દવા છે.દર્દીઓ પાસે દુવા છે અને ભગવાનના હાથમાં જીવાદોરી છે. પ્રકાશને હોસ્પિટલ જોતાં વિચારો આવ્યા.

હિનાને આઈ.સી.યુ.માં દાખલ કરી.એક લાખ ડિપોઝીટ મૂકાવી. નિષ્ણાત ડોકટરોએ એને તપાસી. પછી ડોકટરોની સરકારી અધિકારીઓની બેસે તેવી મીટીંગ મળી. ડિસકશનને અંતે ઓપરેશન રિઓપન કરવાનું સર્વાનુમતે નકકી કર્યુ.

ઓપરેશન ફરી કર્યુ. ફરી આંતરડું સાંધ્યું. હિના તો કોમામાં સરી પડી. બે દિવસ થયા તો ય આંખ ન ખુલી.

આખરે ડોકટરે કહયું, 'આંતરડું ફાટવાને કારણે એનું પસ થયેલું તે કીડની અને લિવરને ખાઈ ગયું છે. હવે કોઈ ચાન્સ નથી. ચાર કલાક નહીં કાઢે'

પ્રકાશ અને મંદાનું તો હૃદય જ બેસી ગયું. સગાંવહાલાં બધાં આવી ગયાં હતાં. 'હિના સાથે આપણી લેણદેણ પૂરી થઈ.' પ્રકાશની આંખમાં આંસું તગતગ્યાં. કકળાટ મચી ગયો. મંદા તો છાતી જ કૂટવા લાગી.

એમ્બ્યુલન્સમાં ઘરે લઈ ગયા ત્યારે હિના શબ બની ગઈ હતી. બધી વિધિ કરી સ્મશાને ગયાં.

વીજળી સ્મશાનમાં જોતજોતામાં તો હિના ભસ્મ બની ગઈ.

ફૂઆફોઈ,મામામામી, માસામાસી,મોટી છોકરી ઈલા અને તેનાં ભાણિયાં, મોટાભાઈ ભાભી સગાં વહાલાંથી ઘર ભરાઈ ગયું. રોકકળ ચાલી.

બપોર થયા. પ્રકાશ વિચારતો હતો, 'આટલા લોકોને ખાવાનું શું કરીશું?' ત્યાં પડોશમાં રહેતા મોહનભાઈ અને તેમના ઘરવાળાં અને બીજા પાડોશી ગણપતભાઈ અને તેમના ઘરવાળાં તપેલીઓ લઈને આવ્યાં.

' અરે,અરે, મોહનભાઈ, આ શું ? આપે કેમ તકલીફ લીધી ?'

'તમારી દીકરી અમારી દીકરી જ કહેવાય. તમારી ઉપર આવી અણધારી આફત આવી. ભગવાને ધાર્યું તે ખરું. પણ અમે તમારા પાડોશી. અમારી કાંઈ ફરજ ખરી કે નહિ ?'

'પણ તમારી નાત અમારી નાત,ટ પ્રકાશ ગળગળો થઈ ગયો.

'નાત જાતને મેલો પૂળો. આપણે પાડોશી, અમારો પાડોશી ધરમ કહેવાય.'

'આજ સાચો ધરમ કહેવાય હોં !' પ્રકાશે આભાર માન્યો.

સૌ સગાં વહાલાંએ ખીચડી કઢી લુસલુસ ખાધાં. જુવાનજોધ દીકરી મરી ગઈ હોય અને કોને ભાવે ? પરંતુ ભાડું ચુકવ્યા વગર કાંઈ છૂટકો છે? જીવીએ ત્યાં લગણી ઢસેડા કરવા પડે ભાઈ.' તમારા પાડોશી સારા કહેવાય હોં, કડવો રોટલો લાવ્યા.'

મરણ પાછળ કુટુંબીઓને તરત જમાડે તેને નાતની ભાષામાં 'કડવો રોટલો' કહેવાય.

'હા, પાછા તે નાતના નથી, પટેલ છે.' પ્રકાશના ગળે ડૂમો ભરાયો.

'આંમ નાત જાતના વાડા ભૂંસાઈ જાય તો કેવું સારું ?'

'તો તો આ કડવો રોટલો મીઠો રોટલો બની જાય.' પ્રકાશે મંદાને પરાણે કોળિયો ભરાવ્યો.

# પછાત નેતૃત્વના હાથે પછાતવર્ગની હાર

વિશ્લેષણ

યોગેન્દ્ર યાદવ

આજથી સવા સદી પહેલા સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે, ''ભારતમાં શૂદ્રોનું રાજ થશે.'' એમનું આ ઉદ્‌બોધન ઉપનિવેશિક અને સાંસ્કૃતિક ગુલામીના વિરુદ્ધ ભારતમાં ઊગી રહેલ એક નવા જોમશક્તિની શોધમાંથી પેદા થતું હતું. એક સદી પછી સમાજવાદી ચિંતક કિશન પટનાયકે આ જ વાતને જરા જુદી રીતે દોહરાવી હતી. કિશનજીએ દલિત ઉભાર અને મંડલીકરણના ગાળામાં મૂડીવાદ અને ભૂમંડલીકરણના વિરોધની શક્તિના રૂપમાં બિનબ્રાહ્મણ પછાત સમાજને ઓળખાવ્યો હતો.

સૂક્ષ્મતાથી જોઈશું તો જુદાજુદા સમયગાળામાં ભારતીય સમાજમાં પછાત જાતિઓની નેતાગીરીનું આહ્‌વાન હંમેશા કોઈને કોઈ ખાસ લક્ષ્ય સાથે જોડાયેલું રહ્યું છે. આજે જ્યારે તે આહ્‌વાન સાચું પડ્યું છે ત્યારે શું તે લક્ષ્ય આપણે સિદ્ધ કરી શક્યા છીએ, કહો કે પ્રાપ્ત કરી શક્યા છીએ ? મંડલીકરણ પછી સત્તાના ઉચ્ચ સ્થાનો પર પછાત જાતિના નેતાઓ બેઠેલા તો જોવા મળે છે, પરંતુ એથી આપણે સેવેલ દેશ અને સમાજના ચરિત્રમાં કોઈ એવો બદલાવ આવ્યો છે, જેની આપણે બધાં પ્રતીક્ષામાં હતા ?

કડવું સત્ય એ છે કે આપણે ત્યાં, ખાસ કરીને ઉત્તર ભારતમાં પછાત જાતિઓની આ નેતાગીરી ક્ષમતામાં તો પછાત છે, સાથોસાથ દૃષ્ટિ અને આકાંક્ષાઓ સેવવામાં પણ પછાત માલૂમ પડી છે. લોકપ્રિય નેતાના ગુણો હોવા છતાં બિહારમાં લાલુપ્રસાદ યાદવમાં સરકાર ચલાવવાની કોઈ સૂઝ-સમજણનો અભાવ દેખાયો. નીતિશકુમારમાં સરકાર ચલાવવાની સાથોસાથ રાજકારણના આટાપાટા ખેલવાની સમજણ છે, પરંતુ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા સિવાયની કોઈ વિશાળ દૃષ્ટિના દર્શન થતાં નથી.

નહેરુએ ક્યારેય પોતાને કાશ્મીરી પંડિતોના નેતા તરીકે ઓળખાવ્યા નહોતા. ગાંધીજીને પણ કોઈએ ગુજરાતી વાણિયા તરીકે જોયા નથી. પરંતુ મોટી મૂંઝવણ એ છે કે પછાત નેતાઓની આશા-આકાંક્ષા મોટેભાગે એક પ્રદેશની જાતિવિશેષના નેતા બનવાથી આગળ વધવા પામી નથી. પછાત વર્ગની આ પ્રકારના પછાત નેતાગીરીને કારણે દેશમાં પછાત જાતિઓના ઉદ્ધારની ક્રાંતિકારી શક્યતાઓ ઠીંગરાઈ ગઈ છે. આ પરિસ્થિતિને કારણે પેદા થયેલ શૂન્યતા જ નરેન્દ્ર મોદી અને ભાજપને સત્તા પર કબજો જમાવવાની મોટી તક પૂરી પાડે છે, કહો કે સત્તા પર હાવી થવાના પૂરતાં કારણો પ્રાપ્ત થતા રહે છે !

આપણા દેશમાં પછાતવર્ગનો રાજકીય ઉદ્ધાર બે સમયગાળામાં થયો. પહેલો ગાળો સાઠ અને સિત્તેરના દશકાનો હતો, જ્યારે દક્ષિણ ભારતમાં પછાત જાતિઓએ સત્તાના સૂત્રો સંભાળ્યા. તામિલનાડુમાં પહેલા કોંગ્રેસના નેતા કે. કામરાજ મુખ્યમંત્રી બન્યા અને તે પછી કરૂણાનિધિ. એ જમાનામાં કેરળમાં સામ્યવાદી પક્ષના ઝંડા નીચે ઈડવા જાતિનો ઉત્કર્ષ થયો. જોકે મુખ્યમંત્રી તરીકેનું સ્થાન નાબૂદરી બ્રાહ્મણે લીધું. એ પછી કર્ણાટકમાં કોંગ્રેસના આગળ પડતા ચહેરા સમાન મુખ્યમંત્રી દેવરાજ અર્સના જમાનામાં પછાત નેતૃત્વને અગ્રસ્થાન પ્રાપ્ત થયું હતું. એજ સમયગાળામાં ઉત્તર ભારતમાં રામમનોહર લોહિયાને કારણે ''પીછડા પાવે સૌમેં સાઠ''નો નારો પ્રચલિત થયો. કર્પૂરી ઠાકુર જેવા નેતા પણ આગળ આવ્યા. પરંતુ રાજકીય સત્તા પર તેમનું કોઈ નિયંત્રણ રહ્યું નહીં. ઉત્તર ભારતમાં સત્તા પરિવર્તનનો દોર નવમા દશકામાં મંડલ પંચની ભલામણો લાગુ થવાને પરિણામે શરૂ થયો. પહેલા બિહાર પછી ઉત્તરપ્રદેશ અને ધીરે ધીરે બાકીના રાજ્યોમાં પણ પછાત જાતિઓનું નેતૃત્વ સત્તા પર કબજો મેળવવા માંડ્યું.

આ પરિવર્તનમાં એક ક્રાંતિકારી શક્યતા છૂપાયેલી હતી. સત્તાના જાતિગત સ્વરૂપને બદલવાથી સામાજિક માળખામાં પાયાના ફેરફારની ક્ષિતિજો ખૂલતી હતી. સત્તાની કુંચીના સહારે આધુનિક અર્થવ્યવસ્થામાં સામૂદાયિક સંતુલનને નવી તરાહથી સ્થાપિત કરી શકાતું હતું. આધુનિક શિક્ષણમાં વિષમતાને ઘટાડવા માટે સમાજમાં નવા સંસ્કાર આરોપવાની શક્યતાઓ ઊઘડતી જતી હતી. પરંતુ ૨૫ વર્ષના પછાત નેતૃત્વના ઉભારે આમાંથી કોઈ સંભાવના સાથે હાથ મિલાવ્યા નહીં કે સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો નહીં. પછાત નેતાગીરીના આગમનથી માત્ર એક જ કામ થયું અને તે એ કે મોટી રાજકીય ખુરશીઓ શોભાવનારાઓની જાતિના નામ બદલાવા લાગ્યા.

**સવર્ણ મુખ્યમંત્રી હવે બિલકુલ અશક્ય**

બિહારમાં સવર્ણ મુખ્યમંત્રીની શક્યતા મહદઅંશે ખતમ થઈ ગઈ છે. ઉત્તરપ્રદેશમાં પણ યોગી આદિત્યનાથ એક અપવાદ માત્ર છે. બંગાળ, ઓરિસ્સા અને કેટલેક અંશે રાજસ્થાનને બાદ કરતાં બધાં જ મોટા રાજ્યોમાં બ્રાહ્મણ નેતાગીરી હોવી એટલી જ અચરજની વાત છે, જેટલી આજથી ૫૦ વર્ષ પહેલા બિનબ્રાહ્મણ નેતાગીરી હતી. પરંતુ આટલા મોટા ફેરફારથી ના તો સત્તાનું ચરિત્ર બદલાયું ના તો અર્થવ્યવસ્થાનો ઢાંચો બદલાયો કે ના તો જાતિની પકડ ઢીલી થઈ !

છેલ્લા ૨૫ વર્ષમાં પછાત જાતિઓની નેતાગીરીમાં સમાજવાદી પક્ષ, રા.જ.દ., અપના દળ જેવા અનેક નવા પ્રાદેશિક પક્ષો ઊભા થયા. આ તરફ રાષ્ટ્રીય પક્ષોએ પણ પોતાની નેતાગીરી હેઠળ સુશીલ મોદી, શિવરાજસિંહ ચૌહાણ અને અશોક ગેહલોત તથા સિદ્ધરમૈયા જેવા પછાત જાતિના નેતાઓને સ્થાન આપવું પડ્યું. મંડલ અનામતને કારણે રાજ્યની વહીવટી સેવાઓમાં પણ પછાત જાતિઓને અગાઉ કરતાં મોટી સંખ્યામાં નોકરીઓ મળવા લાગી. પરંતુ રાજકીય વહીવટી સત્તાના ચરિત્રમાં કોઈ ફેરફાર આવ્યો નહીં. મર્યાદા અને વૈચારિક મામલામાં આ નવું નેતૃત્વ પહેલાના નેતૃત્વથી બે દોરા બદતર હશે, પરંતુ બહેતર ન હતું.

લાલુપ્રસાદ યાદવનો ઘાસચારા ગોટાળો જગજાહેર થઈ ગયો પરંતુ મુલાયમસિંઘ યાદવની કેન્દ્ર સરકાર પરની નિર્ભરતાનું કારણ કોઈથી અજાણ્યું નથી. આ નવી નેતાગીરીના કોઈ સ્વતંત્ર આર્થિક દર્શન અને આર્થિક નીતિ ન હતા. એ જ કારણે સત્તામાં આવ્યા બાદ આ નવા નેતાઓ એ જ આર્થિક નીતિના ચાલક બન્યા, જે નીતિ આ સમુદાયોની તબાહી માટે કારણભૂત બની હતી.

**હકની માંગણી આપવામાં પણ અખાડા :** છેલ્લા ૨૦ વર્ષમાં પછાત જાતિના સાંસદોએ નોકરી અને શિક્ષણમાં અનામતના મુદ્દે તો હોબાળો કર્યો છે. પરંતુ મહિલા અનામતનો સતત વિરોધ કર્યો છે. દેશની આર્થિક નીતિને ગ્રામ્ય વિસ્તાર, ખેતી, હસ્તશિલ્પ અને કુટિર ઉદ્યોગના પક્ષમાં બદલવાના મુદ્દા સંબંધે ક્યારેય પણ કોઈ ગંભીર ચર્ચા હાથ ધરાઈ નથી. સડકના આંદોલનો પણ પ્રભાવ પાડી શક્યા નથી. રાજસ્થાનનું ગુર્જર આંદોલન, હરિયાણાનું

જાટ આંદોલન, મહારાષ્ટ્રનું મરાઠા આંદોલન અને આંધ્રપ્રદેશનું કાપુ આંદોલન. આ બધાં જ આંદોલનો માત્ર ને માત્ર આ જાતિઓના મુઠ્ઠીભર શિક્ષિત મધ્યમવર્ગના લોકોના સ્વાર્થને કારણે થયાં. બહુમતી લોકોના રોજબરોજના પ્રશ્નો આ આંદોલનોના પરિઘથી દૂર જ રહ્યા.

જે જાતિઓને આજે અન્ય પછાત વર્ગ (ઓ.બી.સી.) કહેવામાં આવે છે, એમાથી મોટા ભાગના ખેતી, હસ્તકલા, હસ્તકૌશલ્ય અને સેવા જેવા ક્ષેત્રો સાથે સંકળાયેલા છે. પરંતુ સત્તામાં આવ્યા બાદ તેઓએ આ વર્ગોના ઉત્થાન-ઉત્કર્ષ માટે કાંઈ પણ વધારાનું કામ કર્યું નથી. વિકાસના એ ઢાંચામાં કોઈ પરિવર્તનને સ્થાન મળ્યું નથી. ઊલટાનું ખેતી અને હસ્તકલા ઉદ્યોગને હાંસિયામાં ધકેલી દીધા છે. માત્ર ને માત્ર રાજકીય સત્તાનો લાભ મેળવી આર્થિક લૂંટનો મોટો હિસ્સો હાથવગો કરી દીધો છે.

**લકીરના ફકીર :** સાચું તો એ છે કે જ્યારે જ્યારે પછાતવર્ગના નેતા સત્તામાં રહ્યા ત્યારે ત્યારે તેઓએ ઉદારીકરણ અને વૈશ્વિકીકરણની એ નીતિઓને જ ચાલુ રાખી, જેનો તેઓએ અગાઉ વિરોધ કર્યો હતો. જ્ઞાન અને સંસ્કૃતિના ક્ષેત્રમાં આ પછાત નેતાગીરીના દેવાળિયાપણાના દર્શન થયા છે.

રામમનોહર લોહિયાના ચિંતનમાં એક નવી સાંસ્કૃતિક રાજનીતિની ઝલક જણાતી હતી. સંઘનો નકલી રાષ્ટ્રવાદ અને ડાબેરીઓની હવાઈ આંતરરાષ્ટ્રીયતાથી અલગ એક ઉટપટાંગ વિચાર આ આંદોલનની નવી સંસ્કૃતિનો પડાવ બની શકે એમ છે. પરંતુ વિદેશી ભાષાઓ અને વિદેશી જ્ઞાન આપણી પરંપરાઓના સંવર્ધનને બદલે આ નવી નેતાગીરી અંગ્રેજીયતની નકલ કરવાની સ્પર્ધામાં સામેલ થઈ ગઈ છે. અખિલેશ યાદવ આ રાજનીતિના આગવા પ્રતિનિધિ છે !

સમાનતાનો નવો મંત્ર સ્થાપવાને બદલે આ નેતાગીરીએ સામંતી સંસ્કારની નકલ કરવાનું શરૂ કરી દીધું છે. સાંસ્કૃતિક આત્મવિશ્વાસની ઓછપને કારણે આ નેતાગીરીએ ફુવડ સંસ્કૃતિનું સર્જન કર્યું છે. લાલુપ્રસાદ આ સામંતી સંસ્કાર અને ફુવડતાનો જીવતો-જાગતો નમૂનો છે.

આ બધી જ ખામીઓના મૂળમાં આ નવી નેતાગીરીની સામાજિક અને રાજનૈતિક પૃષ્ઠભૂમિ છે. કેટલાક અપવાદોને બાદ કરતાં પછાતોનું આ નવું નેતૃત્વ તકનિકી સ્વરૂપે શૂદ્ર, પરંતુ જમીનદારો અને સુખી સંપન્ન વર્ગમાંથી આવ્યું છે. આ વર્ગ અગાઉની સરખામણીમાં જરૂર પછાત હતો. પરંતુ જાતિ શોષણનો શિકાર ન હતો. એમનું લક્ષ્ય 'જાતિ તોડો' ન હતું. તેઓને જાતિ વ્યવસ્થાની અંદર એક બહેતર ભવિષ્યની આશા-અપેક્ષા અને ખોજ હતી. એજ કારણે તેઓમાંના મોટાભાગના નેતાઓ ઊંડા જાતિવાદના શિકાર બન્યા છે. સામાજિક ક્રાંતિના વાહક બનવા માટે આ નેતાગીરી એકદમ અસમર્થ છે.

**યથાસ્થિતિવાદ ક્યાં સુધી ? :** છેલ્લા ૨૫ વર્ષોમાં સામાજિક ન્યાયની રાજનીતિનો આ મોટો ત્રાસજનક ગાળો છે. 'ભારતમાં શૂદ્રોનું રાજ થશે.'ની ભવિષ્યવાણી સાચી સાબિત થઈ રહી છે. પરંતુ સામાજિક ન્યાયની રાજનીતિ અનામત વ્યવસ્થાને બચાવવાની રાજનીતિમાં સમેટાઈ ગઈ છે. દેશનો આ સૌથી મોટો સમૂહ દિશાહીન અને એકાકી માલૂમ પડે છે. આ સ્થિતિમાં પરેશાની એ વાત નથી કે આમાંનો એક હિસ્સો, ખાસ કરીને અતિપછાત જાતિઓ હવે નરેન્દ્ર મોદીના ભાજપમાં પોતાનો ઉદ્ધાર શોધી રહી છે. આ મરીચિકામાંથી બહાર આવવા માટે અને સામાજિક ન્યાયની સાર્થક રાજનીતિ માટે એક નવી શરૂઆત કરવી પડશે. જમીનદાર, કારીગર, ખેતમજૂર, પશુપાલક અને અન્યની વિડંબનાઓને સંયોજી એક નવી રાજનીતિ શરૂ કરવી પડશે. અતિપછાત, મહાદલિત, મુસલમાન અને આદિવાસીઓની સાંકળ રચી પરિવર્તનની રાજનીતિનું એક નવું ગઠબંધન તૈયાર કરી શકાય એમ છે. તાજેતરમાં જ દેશવ્યાપી કિસાન વિદ્રોહ આ દિશામાં મહત્વનો વળાંક (સીમાચિહ્ન) સાબિત થઈ શકે એમ છે અને 'ભારતમાં શૂદ્રોનું રાજ થશે'ની ઊક્તિને નવો અર્થ પણ પ્રદાન કરી શકે એમ છે.

**અનુવાદ : રમણ વાઘેલા**
**સૌજન્ય : આઉટલુક (હિંદ)**

## લિખિતંગ

છેલ્લા કેટલાક વખતથી સમગ્ર વિશ્વની જેમ ગુજરાતમાં પણ બાબાસાહેબ આંબેડકરનો ધર્મક્રાંતિનો કોલ બરાબર ઝીલાયો છે. મહિને બે મહિને ગુજરાતમાં ક્યાંક ને ક્યાંક લોકો હિંદુ ધર્મનો ત્યાગ કરી બૌદ્ધ ધર્મનો અંગીકાર કરતા રહ્યા છે.

પહેલાની જેમ આજે પણ પ્રત્યાઘાતિ પરિબળો પ્રતિક્રાંતિ માટે મથી રહ્યા છે અને ધર્મપરિવર્તનથી કશો લાભ નથી એવું લખી રહ્યા છે. એ સંદર્ભમાં 'પ્રબુદ્ધ પ્રકાશ'માં પ્રગટ ડૉ. રાજન પ્રિયદર્શી (નિવૃત્ત આઈપીએસ)નો આ વિષય પરનો લેખ તુલનાત્મક માહિતી અને દાખલા દલીલ આંકડા સાથે સરસ વિવેચન કરે છે. 'દલિત અધિકાર'માં માર્ટિન મેકવાનનો બૌદ્ધ ધર્મ અંગેનો લેખ સારો હતો. આ બધા લેખો દલિત સમાજમાં ચાલી રહેલા ધર્માંતર આંદોલન પર સારો પ્રકાશ પાડે છે. એ તરફ ધ્યાન દોરું છું.

**નટુભાઈ એસ. સોલંકી**
**એ-૨૨, જલકમલ પાર્ક, સૈજપુર, અમદાવાદ-૩૮૨ ૩૪૫**

તા. ૧૬-૮-૧૭ના 'દલિત અધિકાર'ના 'નવું વાચન'માં નરસિંહ ઉજમબાએ બાલકૃષ્ણ આનંદની કવિતાનો અર્થ તારવી સમાજની આંખ ઉઘાડવા અંગૂલિનિર્દેશ કર્યો છે. 'જય ભીમ'ના વાઘા પહેરનારા અને દેવ-દેવીઓની અંધશ્રદ્ધામાં પરોવાઈ રહેલા લોકોની શાન ઠેકાણે લાવવાની કામગીરી આ કવિતામાં ચરિતાર્થ થઈ છે. જે સમાજ માટે રાહબર છે.

હૈયુ હચમચી જાય, કંપારી છૂટે એવા ઉના કાંડની અસલિયત વિશે કૌશિક મંજુલા બાબુભાઈએ મૂળથી જે છણાવટ કરી છે, ભેદભાવભર્યા બનાવટી પ્રકરણનો પર્દાફાશ કર્યો છે. જે ખરેખર અભિનંદનને પાત્ર છે. આવા ગેરકાનૂની વિકટ પ્રશ્નને ધરમૂળથી બનાવટી જુઠ્ઠો સાબિત કરવાનું સાહસભર્યું કામ કરી લેખકે સરસ વાત મૂકી આપી છે. 'દલિત અધિકાર' એજ માનવ અધિકાર છે તેને આપનું પાક્ષિક ચરિતાર્થ કરે છે.

**પ્રેમજીભાઈ ચૌહાણ 'પ્રેમ પ્રવાસી'**
**મુ.પો. દલવાડા, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા**

'દલિત અધિકાર' નિયમિત મોકલવા બદલ આભાર. દલિતો સામેના વધતા જતા હુમલાઓ ચિંતાજનક છે. ફક્ત ગુજરાતના જ નહી પણ દેશ વ્યાપી દલિતોને સંગઠિત કરવાની મને જરૂર લાગે છે.

**ફાધર વર્ગીસ પોલ,**
**ડાયરેકટર, કેથોલિક ઈન્ફોર્મેશન સર્વિસ સોસાયટી**
**અમીબેલા બિલ્ડીંગ, સન્માન હૉટલ પાસે, આશ્રમ રોડ,**
**અમદાવાદ-૩૮૦ ૦૧૪**

## દલિત કવિતા

### ફેસબુક

ભલા ફેસબૂકે
મને આ એક મારી સાવ અંગત વોલ આપી છે,
તે રોજ એમાં પોક મૂકીને અરણ્યરુદન કરું,
માથું અફાળી અફાળીને લોહીઝાણ થાઉં,
પયગંબરની જેમ આખીરતની આગાહી લખ્યા કરું.

ભલા ફેસબૂકે
મારી દીવાલમાં એક બારી પણ મૂકી,
કોઈ ભલુ માણસ મને આશ્વાસન આપવા ચાહે
તો મારું ડૂસકાં સાંભળી શકે,
મારા એકાંત બહાર પૂગી ગયેલા મારા લોહીનો રેલો જોઇ શકે,
પાપીને પસ્તાવો કરવા માટે વિનવણી કરી શકે.

ભલા ફેસબૂક
તને શી ખબર એ જ બારીથી મારા લીન્ચિન્ગને તરસતા
શેતાનો પણ આવી પૂગશે,
મારા મૃતપ્રાય શરીરને પીંખી નાખશે?

ભલા ફેસબૂક,
પણ તારો આભાર અને તારો દિલાસો માથાભેરઃ
મને મારીને કંઈ થોડા
મરી જવાના છે
મારા અરણ્યરુદનના પડઘાઓ?
મારા જ લોહીથી મારી જ વોલ પર કોતરાયેલી
વહીઓ ને આગાહીઓ?

● **નીરવ પટેલ**

***(૬ સપ્ટેમ્બર, ૨૦૧૭-- છાતીફૂટી ફૂટીને મરશિયું ગાવાના વખતે, ગૌરી લંકેશ, મનેમાફ કરો, મને આ સાવ પોતીકી પ્રોઝેઈક પંક્તિઓ ફૂટી છે!)***

### ભારતમાં આઝાદી

તમને ક્યારે ય જોયાં નથી સદેહે,ગૌરી લંકેશ;
છતાં આંખો ઉભરાય છે,
હૃદય વલોવાય છે,
શમવાનું નામ નથી લેતી પીડા
કેમ કે આપણે
એક જ પાતાળ કૂવાનું
પાણી પીનારાં નાગરિકો.
તમારા ફોટો જોયા પછી
તમારા માથા પરના
સફેદ સફેદ ચળકતા વાળ જોઈને
મને સોનમર્ગનાં
બરફથી છવાયેલાં
સફેદ સફેદ ચળકતાં
શિખર યાદ આવ્યાં.
કેટલાક લોકો હોય જ છે
સમાજના માથે ચળકતાં
ગિરિશૃંગ સમા.

બે ગિરિશૃંગ મહારાષ્ટ્રમાં ધ્વસ્ત થયાં.
એક કર્ણાટકમાં ધ્વસ્ત થયું હતું.
તમારું સુમધુર સ્મિત ગોળીઓથી વીંધાતાં
બીજું પર્વત શિખર પણ
પડીને પાધર થયું.
મહારાષ્ટ્ર અને કર્ણાટક વચ્ચે
સમાનતા સ્થપાઈ ગઈ એ ક્ષણે
જ્યારે ઘરનાં બારણામાં ઘુસવાનો પ્રયત્ન કરતાં
તમે ફસડાઈ પડ્યાં.
ઝનૂની ગુંડાઓ સાથે સાંઠગાંઠ રાખતા સત્તાધીશોએ,
જે આજીવન જનપથનાં યાત્રી હતાં એવા તમારું,
રાજપથ પર કર્યું છેલ્લું શાસકીય સન્માન.
હવે તો અમને એક જ શાતા છે.
ધરપતથી કૉફિનમાં સૂતેલાં રહો,ગૌરી લંકેશ.
તમારા કૉફિનમાંથી નીકળવાનાં
અનેકાનેક અગણિત જંતુઓ
જે સત્તાના મદમાં મહાલતા હાથીને
દર્દથી ચિંઘાડતો કરી દેવાનાં,
ચીસતો ચિલ્લાતો કરી દેવાનાં,
જમીન પર આળોટતો કરી દેવાનાં.
ના,ચોરેચૌટે ને મતપેટીમાં એ મૌન નથી રહેવાનાં,
ગજબનો ભયાનક ગણગણાટ કરવાનાં :
અમને જોઈએ છે ભારતમાં આઝાદી,
બસ;ભારતમાં આઝાદી.

● **સાહિલ પરમાર**

**દલિત અધિકાર** પાક્ષિક

**માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશકુમાર આર. મહેરિયા**
**૧૭૯૦, અબુકસાઈની ધાબાવાળી ચાલી, રાજપુર,**
**પોસ્ટ ઓફિસ સામે, અમદાવાદ-૩૮૦૦૨૧**
**ફોન : (મો.) ૯૮૨૪૬ ૮૦૪૧૦, ૯૯૨૫૭ ૧૯૫૬૫**
**મુદ્રણ સ્થાન : માંગલ્ય મુદ્રણાલય,**
**૧૦૭, પાર્વતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ.**